**સુવિચાર**
સાચું બોલવાની આદત પડતા વર્ષો લાગે છે પણ એકવાર તમે આ આદત પાડી દેશો પછી તમારો આત્મવિશ્વાસ આપોઆપ વધતો જશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૩/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૦૯૦

## છેલ્લા 3 દિવસથી તાપમાનમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે

# અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમી પડવાની શકયતાઓ

નાના બાળકો, વૃધ્ધો, અશકત, બીમાર હોય તેવા દર્દીઓ, શ્રમિકોને લુ લાગવાની વધુ શકયતાઓ

લુ લાગવાની ઘટનાથી સાવચેત રહેવામાં ન આવે તો તે જીવલેણ પણ બની શકે છે

શરીર અને માથાનો દુઃખાવો થવો, ઉલ્ટી કે ઉબકા થવા, આંખે અંધારા આવી શકે

સફેદ સુતરાઉ કપડા પહેરવા, ગરમીમાં શકય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું જરૂરી





અમરેલી, તા. ૨૮
ભારતીય હવામાન વિભાગની યાદી મુજબ ગુજરાતમાં આગામી દિવસોમાં તાપમાન વધવાની શકયતા છે. તેને અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ આગામી દિવસોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહે તેવી શકયતા હોય આવા સંજોગોમાં લુ લાગવાની શકયતા વધુ રહે છે. વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશકત, બીમાર હોય તેવા દર્દીઓ, શ્રમિકો અને ખેત મજૂરોને લુ લાગવાની ઘટના વધુ પ્રમાણમાં બને છે જે જીવલેણ પણ બની શકે છે.
શરીર અને માથાનો દુઃખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, ત્વચાનું ગરમ, લાલાશવાળું અને શુષ્ક થઈ જવું, ઉલ્ટી કે ઉબકા થવા કે આવવા, આંખે અંધારા કે ચક્કર આવવા, છાતીમાં અને હૃદયના ધબકારા વધી જવા, અતિ ગંભીર હોય તો તેવા કિસ્સામાં ખેંચ આવવી કે બેભાન થઈ જવું જેવા લક્ષણો લુ લાગવા સમયે થાય છે તે દરેક નાગરિકે જાણવું જરૂરી છે.
લુ લાગવાથી બચવાના ઉપાયો કરવા આવશ્યક છે. ગરમીમાં શકય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું, આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ કપડા પહેરવા, માથા

અનુસંધાન પાના ૬ ઉપર

## પશુપાલકોએ ટીડીઓને આવેદનપત્ર પાઠવ્યું

# સાવરકુંડલાનાં મોલડી ગામે ગૌચર જમીન ઉપર થયેલ દબાણ દૂર કરવા માંગ

### યુધ્ધનાં ધોરણે સર્વે કરાવવા માંગ કરાઈ

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૨૮
સાવરકુંડલા તાલુકાના મોલડી ગામનું ગૌચર દબાણ દૂર કરવા ગ્રામજનો ધ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું.
સાવરકુંડલા તાલુકાના મોલડી ગામના ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી મોલડી ગામમાં મોટાભાગની સરકારી અને ગૌચરની જમીનોમાં દબાણ કરી



લેવામાં આવ્યું છે. જેના પરીણામે મોલડી ગામના રેઢીયાર માલઢોર તેમજ માલધારી સમાજના લોકો અને

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારી ખાતે આવેલ સ્પે. પોકસો અને બીજા એડી. સેશન્સ કોર્ટ દ્વારા

# ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક તરૂણીનું અપહરણ કરનાર ૪૨ વર્ષનાં ઢગાને ૨૫ વર્ષની કેદની સજા

### તાલડા ગામનાં આરોપી પરશોતમ સરવૈયાને ૫.૫૦ લાખનો દંડ પણ કર્યો

અમરેલી, તા. ૨૮
ખાંભા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષ ૬ માસની ઉંમર ધરાવતી એક તરૂણીને ૬ વર્ષ પહેલા ખાંભા તાલુકાના તાલડા ગામે રહેતો એક ૪૨ વર્ષનો ઢગો લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે પોતાના બાઈક ઉપર ભગાડી અપહરણ કરી લઈ ગયેલ અને તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી તરૂણીને ગર્ભ રાખી દીધેલ હતો. આ બનાવ અંગે જે તે સમયે ખાંભા

અનુસંધાન પાના ૬ ઉપર

## સોશ્યલ મીડિયામાં ''ગીતા સંદેશ'' પાઠવતા જોવા મળે છે

# અમરેલીનાં સાંસદ કાછડીયાની ટિકિટ કપાતાં તેઓ હવે ફિલોસોફર બન્યા

### સત્તા મળે તો સત્ય ભુલાઈ અને સત્તા જાય તો સત્ય સમજાય તે સાબિત થયું

અમરેલી, તા. ૨૮
અમરેલીના ત્રણ ત્રણ વખત સાંસદ બનેલા ભાજપના નારણભાઈ કાછડીયાની સોશ્યલ મીડિયામાં મુકેલ એક પોસ્ટથી અમરેલી જિલ્લાના રાજકારણમાં ચર્ચા જાગી છે. ત્યારે હાલમાં જ તેમની સાંસદની ટીકીટ કપાયા બાદ આ પોસ્ટને લઈને અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.
અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ સોશ્યલ મીડિયામાં ગીતામાં લખેલ એક વાતને સંદર્ભ રાખી પોસ્ટ વાયરલ કરવામાં આવી છે. 'સત્ય અને અસત્યની લડાઈ થશે, ત્યારે સત્ય એકલું ઉભુ હશે અને અસત્યની ફોજ લાંબી હશે, કારણ કે



અસત્ય પાછળ મૂર્ખાઓનું ટોળું હશે. પરંતુ

અનુસંધાન પાના ૬ ઉપર

## ક્રિષ્ના ક્રેડીટ કો.ઓપરેટીવમાંથી લોન લેનારને

# લીલીયામોટા : ચેક રીટર્ન કેસમાં ૨ વર્ષની સજા અને વળતર ચુકવવા આદેશ

### આરોપીને જેલ હવાલે કરવામાં આવેલ

લીલીયામોટા, તા. ૨૮
લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) રસીકભાઈ રણછોડભાઈ આખજા રે. લોકી, તા. લીલીયાવાળાનો ચેક રૂા. ૨,૪૯,૬૪૭/– નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના માનદ મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરિયાદ કેસ નં. ૫૩૬/૨૦૨૩નો દાખલ કરેલ છે અને

અનુસંધાન પાના ૬ ઉપર

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..........................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
59,090/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૮/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૬૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## યુવાઓ, મહિલાઓ, ખેડૂતો સહિતનાં વર્ગમાં સારો આવકાર મળી રહ્યો છે

# અમરેલી લોકસભા ચૂંટણીનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરનો પ્રચાર શરૂ

મહુવાનાં પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કળસરીયા સહિતનાં અનેક દિગ્ગજ આગેવાનો આશીર્વાદ પાઠવી રહ્યા છે


ચલાલા ખાતે ગાયત્રી પરિવારનાં પૂ. રતીદાદાએ પણ આશીર્વાદ પાઠવ્યા

જિલ્લાભરનાં કોંગી કાર્યકરો અને આગેવાનોમાં અદ્‌ભૂત એકતા જોવા મળી રહી છે

આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રચાર-પ્રસારની નવી રણનીતિ બનાવાશે





અમરેલી, તા. ૨૮

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી આગામી ૭ મેનાં રોજ યોજાવાની છે. જિલ્લાનાં મુખ્ય બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારનાં નામ જાહેર થયા હોય બંને પક્ષો ધ્વારા પ્રચાર કાર્યની શરૂઆત કરવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષે પૂર્વ સાંસદ વિરજી ઠુંમરની લાડકવાયી દીકરી જેનીબેનને ટિકિટ આપી છે અને તેણી ઉચ્ચ અભ્યાસ ધરાવે છે અને વિદેશની ડીગ્રી પણ મેળવી છે અને આકર્ષક વકતવ્ય, જિલ્લાનાં બેરોજગાર યુવાનો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિકો, સરકારી કર્મચારીઓ, નાના વેપારીઓનાં પ્રશ્નોથી સારી રીતે વાકેફ છે અને તેમની પાસે અમરેલી લોકસભા વિસ્તારનાં પ્રશ્નો કયાં છે, તેનું નિરાકરણ કેવી રીતે કરી શકાય તેનું સ્પષ્ટ વિઝન, જિલ્લાનો સર્વાંગી વિકાસ કરવાની પ્રબળ ઈચ્છા શકિત, આક્ષેપ-પ્રતિઆક્ષેપથી દૂર રહેવાની કુનેહ સહિતનાં ગુણોનો ભંડાર હોવાથી તેમને સર્વત્ર સારો એવો આવકાર મળી રહ્યો છે.

જિલ્લાનાં તમામ વડીલો, માતાઓ અને બહેનો ઉપરાંત યુવાનોમાં પણ તેમના પ્રત્યે અહોભાવ જોવા મળી રહ્યો છે. જેથી મહુવાનાં પૂર્વ ધારાસભ્ય ડો. કનુભાઈ કળસરીયા, ચલાલા ગાયત્રી પરિવારનાં મોભી પૂ. રતિદાદા સહિતનાં વંદનીય વડીલો પણ તેણીને આશીર્વાદ પાઠવી રહ્યા છે. તો ભાજપનાં દિગ્ગજ નેતાઓ પણ કોંગી ઉમેદવાર પ્રત્યે કોઈ રોષ દાખવતા નથી.

બીજી તરફ કોંગ્રેસ પક્ષમાંથી સત્તા લાલચુઓ પક્ષ છોડીને જતાં રહ્યા હોય હવે કોંગ્રેસ પક્ષમાં જુથવાદની કોઈ ઘટના પ્રકાશમાં આવતી નથી અને તમામ કોંગીજનો ખભેખભા મિલાવીને ચૂંટણીકાર્યમાં લાગી ગયા હોય અને આગામી દિવસોમાં આકર્ષક રીતે ચૂંટણી પ્રચાર કાર્ય શરૂ થવાનો હોય જેમ જેમ પ્રચાર આગળ વધી રહ્યો છે તેમ તેમ કોંગીજનોનાં ઉત્સાહમાં વધારો થઈ રહ્યો છે અને મતદારો પણ કોંગી ઉમેદવારની ક્ષમતા, કુનેહનો અનુભવ કરતાં થયા છે તે હકીકત છે.

### જિલ્લામાં c-VIGIL એપના માધ્યમથી

## ચુંટણીને લગતી કોઈપણ ફરિયાદને લઈને ૧૦૦ મિનિટમાં કાર્યવાહી કરવામાં આવશે

**નંબર ૧૯૫૦ પર પણ ફોન કરી માહિતી મેળવી શકાશે**

અમરેલી, તા. ૨૮ માર્ચ, ૨૦૨૪ (ગુઢવાર) સમગ્ર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આદર્શ આચારસંહિતા અમલી છે. જિલ્લામાં સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (એસ વીઈઈપી) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન(ટીઆઈપી) અંતર્ગત યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

આ દરમિયાન કોઈ પણ નાગરિકને ચૂંટણી અંગે ઉમેદવાર કે આદર્શ આચાર સંહિતાના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો c-VIGIL એપના માધ્યમથી ફરિયાદ કરી શકે છે, જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ ૧૦૦ મિનિટમાં સ્થળ પર પહોંચી અને ફરિયાદનો નિકાલ કરશે. c-VIGIL એપના માધ્યમથી જિલ્લાના નાગરિકો આચારસંહિતા ભંગ તથા ખર્ચ વિષયક ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી સાથેની કોઈપણ ફરિયાદ અપલોડ કરી શકશે.

આ ઉપરાંત મતદાન, મતદાર કાર્ડ કે અન્ય કોઈપણ બાબતની પૂછપરછ કે માહિતી માટે નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર પણ ફોન કરી અને જિલ્લા કંટ્રોલ રૂમમાંથી માહિતી મેળવી શકે છે. જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન અને તા.૦૪ જૂન, ૨૦૨૪ના રોજ મતગણતરી થશે. જિલ્લાના દરેક નાગરિકો, યુવાઓને ' ચૂંટણી પર્વ-દેશ કા ગર્વ અભિયાન માં ભાગીદાર બનવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## થોરડી નિવાસી અંધ વિદ્યાલયમાં ચકલીના માળાનું વિતરણ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે આવેલ નિવાસી અંધ વિદ્યાલય તથા લોક વિદ્યામંદિર થોરડી ખાતે ભીખુભાઈ બાટાવાળા પ્રમુખ ગીર નેચર યુથ ક્લબ ખાંભા દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલીઓના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ચકલી બચાવો ના સૂર્ય સાથે વિદ્યાર્થીઓને માળાઓ આપી અને ચકલી બચાવવા માટેની જાગૃતિ વિશેની માહિતી આપવામાં આવી અને વિ ચકલી દિવસની ખરા અર્થમાં ઉજવણી કરવામાં આવી આ તકે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિદાદા, નિવાસી અંધ વિદ્યાલયના આચાર્ય હિતેશભાઈ દેસાઈ તથા લોક વિદ્યામંદિર મંદિરના આચાર્ય અરવિંદભાઈ છોડવડીયા દ્વારા ભીખુભાઈ બાટાવાળાનો આભાર વ્યક્ત કર્યો હતો છેલ્લે કવિશ્રી રમેશ પારેખ ની એક પંક્તિ યાદ આવે છે તારો વૈભવ રંગ મહેલ સોનુને ચાકર ધાડું, મારે ફળીએ ચકલી બેસે તે માઢ રજવાડું સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

### સંગીત નાટક એકેડેમીનાં સહયોગથી

## સાવરકુંડલા : ભવાની મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ આયોજીત લોક ડાયરો યોજાયો

**મોટી સંખ્યામાં સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના પટાંગણમાં ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખ્યાતનામ કલાકારો સારંગ બારોટ, બીના શુક્લા, ઉર્વશી બારોટ, ચંદ્રકાંત બારોટ સહિતના કલાકારોએ લોકગીતો ભજનોની રમઝટ બોલાવી હતી. આ લોકડાયરાનું પ્રારંભ દિપપ્રાગટ્યથી સાવરકુંડલા ક્ષત્રિય અને શૈક્ષણિક આગેવાન પ્રતાપભાઈ ખુમાણના હસ્તે કરવામાં આવેલ આ કાર્યક્રમ માનવ મંદિર ભક્તિરામ બાપુ તથા કબીરપંથી મહંત રામજીવન દાસજી ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સુંદર રસાળ શૈલીમાં સંચાલન વિનોદ રાઠોડ દ્વારા કરાયું હતું.




આ કાર્યક્રમની તમામ વ્યવસ્થા વિજય દવે તથા વનરાજ ખાચરે સંભાળી હતી આ સમગ્ર કાર્યક્રમમાં સાવરકુંડલાના યુવા એડવોકેટ અને નોટરી અરવિંદ મેવાડાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી સ્થિત નર્સિંગ કોલેજ ખાતે 'યુથ વોટર્સ ફેસ્ટિવલ' યોજાયો









અમરેલી તા.૨૮ માર્ચ, ૨૦૨૪ (ગુઢવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (એસવીઈઈપી) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃત્તિ આવે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત નર્સિંગ કોલેજ ખાતે 'યુથ વોટર ફેસ્ટિવલ (યુવા મતદાતા ઉત્સવ) યોજાયો હતો. અમરેલી જિલ્લા ચૂંટણી ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપ્યુ અને મતદાનનું મહત્વ સમજાવ્યુ હતુ. મતદાન જાગૃત્તિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતુ. પ્રથમ વખત મતદાન કરવાના છે તેવા નવા યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હતા. જિલ્લાના નાગરિકો અને યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અને મતદાનના મહત્વને લઈને જાગૃત્તિ વધે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. કાર્યક્રમમાં ચૂંટણી પંચની વીડિયો ક્લિપ હું ભારત છું.ના માધ્યમથી લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વ, મતદાન અને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ સ્થળે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા હતા જયાં યુવા મતદારોએ સેલ્ફી લીધી હતી. વિદ્યાર્થીઓએ મતદાન અંગેના પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વડીયા તાલુકા મામલતદાર, કોલેજ કેમ્પસ ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ, વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## દેશનાં નાણામંત્રી નિર્મલા સીતારમણનાં પતિનું ચોંકાવનારૂ નિવેદન

# ઈલેકટ્રોલ બોન્ડ સમગ્ર વિશ્વનું સૌથી મોટું કૌભાંડ

### લોકસભાની ચૂંટણી ભાજપ અને ભારતીયો વચ્ચે થશે

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણના પતિ અર્થશાસ્ત્રી પરાકલા પ્રભાકરે ઈલેકટોરલ બોન્ડ મુદ્દે મોટી ટિપ્પણી કરી છે. તેમણે દાવો કર્યો છે કે આ માત્ર દેશનું સૌથી મોટું કૌભાંડ નથી, પરંતુ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ છે. ન્યુઝ ચેનલ 'રિપોર્ટર ટીવી' સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે ઈલેકટોરલ બોન્ડનો મુદો ખૂબ જ મહત્વપૂર્ણ મુદો બની જશે. ભાજપની લડાઈ વિરોધ પક્ષો કે અન્ય કોઈ પક્ષો સાથે નહીં હોય, પરંતુ આ મુદાને કારણે ખરી લડાઈ ભાજપ અને

### આગામી દિવસોમાં ઘર-ઘર સુધી મહાકૌભાંડની હકીકતો પહોંચી જશે

ભારતની જનતા વચ્ચે જોવા મળશે.'

નાણાપ્રધાનના પતિએ પત્રકારને આગળ કહ્યું કે, 'મને લાગે છે કે ચૂંટણી બોન્ડ સંબધિત મુદો આજની સરખામણીએ વધુ વેગ પકડશે. તે ઝડપથી સામાન્ય લોકો સુધી પહોંચી રહ્યો છે. હવે બધા ધીમે-ધીમે સમજી રહ્યા છે કે આ ભારતનું જ નહીં પણ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ છે. આવી સ્થિતિમાં મને લાગે છે કે આ મુદાને કારણે આ સરકારને મતદારો ધ્વારા સખત સજા કરવામાં આવશે.'

નાણાપ્રધાનના પતિ પરાકલા પ્રભાકર જાણીતા અર્થશાસ્ત્રી છે. તેમણે ૨૦૧૪થી ૨૦૧૮ સુધી આંધ્રપ્રદેશ

### દેશવાસીઓ મહાકાય કૌભાંડની સજા સરકારને મતદાન દ્વારા કરશે

સરકારમાં સેવા આપી હતી. જયારે તેઓ સંચાર સલાહકાર પણ હતા. આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાના નરસાપુરમમાં ર જાન્યુઆરી ૧૯૫૯નાં રોજ જન્મેલા પરાકલા પ્રભાકર વર્ષ ૧૯૯૧માં લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસ એન્ડ પોલિટિકલ સાયન્સમાં અભ્યાસ કર્યો હતો. આ સિવાય તેમણે કેટલાક પુસ્તકો પણ લખ્યા છે.

ચૂંટણી બોન્ડ ધ્વારા ૨૦૧૯થી ૧,૨૭,૬૯,૦૮,૯૩,૦૦૦ રૂપિયા દેશના ઉદ્યોગોમાંથી રાજકીય પક્ષો અને વ્યકિતગત સ્તરે કેટલીક વ્યકિતઓને દાનમાં આપવામાં આવ્યા હતા. આ ખુલાસો ત્યારે થયો જયારે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટના આદેશ પર સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) તરફથી મળેલા ડેટાને વેબસાઈટ પર

### આજે સાચી વાત કહેવામાં સૌ ડરી રહ્યા છે તેવા સમયે પરાકલા પ્રભાકરે મોં ખોલ્યું

જાહેર કર્યો હતો. માહિતી અનુસાર રાજકીય પક્ષોએ પાંચ વર્ષમાં કુલ ૨૦,૪૨૧ ઈલેકટોરલ બોન્ડ રિડિંમ કર્યા જેમાંથી ૧૨,૨૦૭ ૧ કરોડ રૂપિયાના હતા.

૬૦,૬૦,૫૧,૧૧,૦૦૦ રૂપિયાની મહત્તમ રકમ ભાજપને ગઈ છે જે કુલ રકમની લગભગ અડધી છે. પાર્ટીએ રૂા. ૧ કરોડના ૫,૮૫૪ બોન્ડ અને રૂા. ૧૦ લાખના ૧,૯૯૪ બોન્ડ રિડિંમ કર્યા હતા. ૧ લાખ અને ૧૦ હજાર રૂપિયા ઉપરાંત તેણે ૧૦૦૦ રૂપિયાના ૩૧ બોન્ડ પણ રિડિમ કર્યા હતા. બીજા સ્થાને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ રૂા. ૧૬,૦૯,૫૦,૧૪,૦૦૦ના ૩,૨૭૫ ઈલેકટોરલ બોન્ડસ રિડિમ કર્યા જેમાં પ્રત્યેક રૂા. ૧ કરોડના ૧,૪૬૭ બોન્ડ અને રૂા. ૧૦ લાખના ૧,૩૮૪ બોન્ડનો સમાવેશ થાય છે.

## જનતા જનાર્દનને ન્યાય આપવામાં ગલ્લા તલ્લા

# ગીર ગઢડા ખાતે જંગલ વિભાગના પ્રશ્નોને લઈને ફરેડાના નાગરિકોનો ઉપવાસ આંદોલનનો છઠ્ઠો દિવસ

### એકપણ અધિકારી કે રાજકીય અગ્રણી ખબર પુછવા તૈયાર નથી




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૮

જંગલ વિસ્તારના બોર્ડર ઉપર આવેલા ગામો અને ખેડૂતોના વન વિભાગના વિવિધ પ્રશ્નો અને માંગને લઈને ગીર ગઢડા ખાતે જામવાળા રોડ ઉપર ફરેડા ગામનાં જેઠાભાઈ બારૈયા તેમજ અન્ય લોકો તા. ૨૩/૦૩/૨૦૨૪ થી ઉપવાસ આંદોલન ઉપર બેસ્યા છે.

ઉપવાસ આંદોલનનો આજે છઠ્ઠો દિવસ આજ સુધી એકપણ અધિકારી કે રાજકીય આગેવાન તેમના પ્રશ્નોને લઈને તેમના ખબર પૂછવા આવેલ નથી. ગઈ કાલે માત્ર આરોગ્ય વિભાગે તેમની લોહીની તપાસ કરી સંતોષ માન્યો હતો.

જંગલ ખાતા દ્વારા જંગલ બોર્ડર ઉપર આવેલા ખેડૂતો અને માલધારી ને યેનકેન પ્રકારે વન વિભાગ દ્વારા હેરાન કરવામાં આવતા હોય અને ખોટા કેસ કરીને દંડ વસૂલ કરવામાં આવતા હોય તેવા આક્ષેપો સાથે જાંખીયા અને ફરેડા ગામના લોકો દ્વારા ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યા છે.

ફરેડા જાખીયા ગામનાં માજી સરપંચ જેઠાભાઈ રામભાઈ બારૈયા, વિરાભાઈ સાદુળભાઈ, પુનાભાઈ બાબુભાઈ, જીલુભાઈ વિસાભાઈ, કેશુભાઈ રામજીભાઈ, રાજુભાઈ ધેલાભાઈ સહિતના અગ્રણી આગેવાનો સહિત ગ્રામજનો દ્વારા ગીરગઢડા ફરેડા રોડ પર ઉપવાસ છાવણી ઊભી કરીને જંગલ ખાતાની હેરાન ગતિ સામે તા. ૨૩/૩/૨૦૨૪ ના રોજ આંદોલન છેડતા ગીરગઢડા પોલીસ ઘટનાસ્થળે દોડી ગયેલ અને આ આંદોલન સરકારના જવાબદાર વિભાગની પરવાનગી વગર નહીં બેસવા સુચના આપી સમજાવટ કરેલ પરંતુ ઉપવાસ કર્તાના જણાવ્યા મુજબ પોતાએ વન્ય વિભાગની હેરાનગતિ સામે આંદોલન છાવણી અંગે બેસવા મંજુરી આપવાની કાર્યવાહી કરવા છતાં કોઈ જવાબ નહીં મળતાં આંદોલન શરૂ કરવાની ફરજ પડી હોવાનું જણાવ્યું હતું.

ધણાં લાંબા સમયથી જાખીયા ફરેડા જેવાં ગીર જંગલના સેટલમેન્ટ ગામ લોકો ને મળેલાં અધિકારો મુજબની સુવિધા ઉપલબ્ધ કરવા વન વિભાગ દ્વારા ખોટી રીતે અડચણો ઊભી કરી હેરાનગતિ ગતી કરતાં હોય અને નેશ વિસ્તારમાં રહેતા માલધારી સમાજનાં લોકોને પોતાનાં માલઢોરની ચરિયાણ બાબતે પરેશાન કરી માર મારીને ખોટાં કેસોમાં ફસાવીને વનવિભાગના કાયદાનો ડર બેસાડી વન્ય વિભાગ દ્વારા મળેલાં સેટલમેન્ટ વખતનાં અધિકારો ઝુંટવી લેવાં પ્રવૃત્તિ થતી હોય તેની સામે ગામનાં અગ્રણી દ્વારા વન વિભાગના અધિકારી સમક્ષ પોતાનાં અધિકારો ન હોય તો લેખીતમાં જણાવવા અને હોય તો વન વિસ્તારનાં ખેડૂતો લોકોને પોતાનાં મળેલાં સેટલમેન્ટ વખતનાં અધિકારો મુજબ રહેવા દેવામાં આવે તેવી માંગણી સાથે આંદોલનમાં બેસેલ છે.

ઉપવાસ ઉપર બેસેલા માજી સરપંચ જેઠાભાઈ બારૈયાએ ગઈ કાલે જણાવેલ કે આજ સુધી અહી કોઈ ખબર પૂછવા નથી આવ્યું. તેમજ તેમના પ્રશ્નો અંગે વાત કરતા જણાવેલ કે જંગલ ના અંદર આવેલ પૌરાણિક મંદિરો કે જયાં વર્ષો થી લોકો રાત્રિ રોકાણ કરતાં અને ત્યાં પુજારી કાયમી વસવાટ કરતાં હાલ વન અધિકારીઓ એક વર્ષ થી ત્યાં આ ધાર્મિક મંદિરો ઉપર રાત્રિ રોકાણ કરવા દેવામાં આવે તેવી માંગ કરી તેમજ આ સાથે અન્ય બીજા પ્રશ્નો અને માંગ પૂરી નહિ કરવામાં આવે ત્યાં સુધી આ ઉપવાસ આંદોલન ઉપર બેસી રહેવાનું જણાવ્યું.

# લોક ગાયિકા શીતલબા રાજપુતનાં જન્મદિને શુભેચ્છા



અમરેલી, તા. ૨૮

સૌરાષ્ટ્રમાં કોયલ કંઠી ગણાતા લોકગાયિકા શીતલબા રાજપૂત ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪ માં વર્ષમાં પ્રવેશતાં જન્મદિવસના અવસર પર વિશાળ મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓનો ધોધ વછૂટયો છે.બાળપણથી જીભે મા સરસ્વતીનો વાસ હોય ને સ્કૂલ કક્ષાએથી ગીત, લોકગીત, ભજન ગાઈને સ્કૂલ શાળામાં મનોરંજન આપવાના હેતુ સાથે જીવનમાં લોકગાયિકા બનવાના સ્વપન સાકાર કરવાના મજબૂત ઈરાદા સાથે છેલા ત્રણ વર્ષમાં લોકગીતો અને ભજનોમાં ડંકો વગાડીને સેરાષ્ટ્ર સહિત ગુજરાત રાજયમાં ખ્યાતનામ કલાકારો સાથે કાર્યક્રમ આપી ચૂકેલા શીતલબા રાજપૂત આજે ૩૩ વર્ષ પૂર્ણ કરીને ૩૪ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા જન્મ દિવસ નિમિતે લોક સાહિત્ય કારો, કલાકારો, ભજનિકો સાથે વિશાળ મિત્ર વર્તુળ ધરાવતાં શીતલબા રાજપૂત પર શુભેચ્છાઓના ધોધ વછૂટયા છે.

# સાવરકુંડલા : સનરાઈઝ સ્કુલની મુલાકાતે વિજ્ઞાન જાથાની ટીમ



અમરેલી, તા. ૨૮

પાવડાના હાથા વાળા સારા પણ વિજ્ઞાન જાથા વાળા નહીં સારા..!! આ યુક્તિ જેમના કાર્ય થકી પ્રસિદ્ધ થવા પામી છે તે ખુદ પોતે આજે, સનરાઈઝ સ્કૂલની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જન વિજ્ઞાન જાથા રાજકોટ શાખાના સર્વે સર્વા, જયંત પંડ્યા કે જેમણે અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો, ચમત્કારો, ભૂત પ્રેત જેવી આંધળી કલ્પનાઓને જડમૂળમાંથી નાબુદ કરવા માટે પોતાની આખી જિંદગી ખપાવી દીધી છે. તેઓએ આજે પોતાની કામગીરીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં ચાલી રહેલ ગતિવિધિ બાબત ચર્ચા કરવા સોશ્યલ એકિટવિસ્ટ પ્રતાપભાઈ ખુમાણ સાથે મુલાકાત કરી હતી.

જેમણે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળે તેટલા ઢોંગી ધુતારાઓ પાખંડીઓ ને નીચી મૂંડીએ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પરન્તુ અફસોસ એ વાતનો છે કે, આ પ્રકારની વર્ષોની તેમની સેવા ની કદર રૂપે હજી સુધી એક પણ જાહેર સન્માન કે એવોડ્ર્સ થકી આજીવન તેમની અદભૂત સેવાની કદર કરવામા આવી નથી.

## ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા

# અમરેલી જિલ્લામાં તા. 30 માર્ચે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ સહિતની પરીક્ષા યોજાશે

### પરીક્ષા કેન્દ્ર અને આસપાસના વિસ્તારોમાં પ્રતિબંધિત કૃત્યો કરવા નહિ

અમરેલી, તા. ૨૮

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૩૦ માર્ચ, ૨૦૨૪ શનિવારના રોજ કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ અને જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪ આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર આ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગેરરિતીઓ અટકે તે માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, ગેરરીતિ ન થાય તે માટે પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઈ ફરમાવવામાં આવી છે.

પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ, ફેક્સ, ઝેરોક્ષ, કોપી મશીનો, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેક્સ સહિત કોઈપણ પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ, કોપી મશીનો સહિતના ઈલેકટ્રોનિક વિજાણુ યંત્ર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તારમાં આ જાહેરનામાં અંતર્ગત પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા બિલ્ડિંગ ખાતે કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારી તેમના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. બિલ્ડિંગના પ્રવેશદ્વારથી જ અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે. પરંતુ મોબાઈલ જે-તે સંસ્થાના આચાર્યના ઢમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુઢપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

બિન અધિકૃત માણસો ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષા સંબંધિત ચોરી ગણાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેક્ટ્રોનિક આઈટમ, પુસ્તક, કાપલીઓ, મોબાઈલ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરવામાં મદદ કરવી નહીં. તા. ૩૦ માર્ચ, ૨૦૨૪ના રોજ સવારના ૯.૩૦ કલાકથી સાંજના ૬.૩૦ કલાક સુધી પરીક્ષાની હદમાં પરીક્ષા કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ મીટરની હદમાં જાહેર માર્ગો પર ૪ કે તેથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા પર કે વાહન રાખવા પર પ્રતિબંધ રહેશે.

આ હુકમ તા. ૩૦ માર્ચ, ૨૦૨૪ના રોજ સવારના ૯.૩૦ કલાકથી સાંજના ૬.૩૦ કલાક સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અંતર્ગત શિક્ષાપાત્ર રહેશે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart | જીજ્ઞેશ એજન્સી | YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ | ગુલાબ જાંબુ | ટોપરાપાક | લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

### SBIએ કરોડો ગ્રાહકોને આપ્યો મોટો ઝટકો

# બેંકે ડેબિટ કાર્ડ પર ચાર્જ વધાર્યો, ૧ એપ્રિલથી નવા ચાર્જ લાગુ થશે

## યુવા, ગોલ્ડ, કોમ્બો ડેબિટ કાર્ડ, માય કાર્ડ (ઇમેજ કાર્ડ) જેવા ડેબિટ કાર્ડ માટે વાર્ષિક જાળવણી હાલના રૂ. ૧૭૫ GSTથી વધારીને રૂ. ૨૫૦ GST કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ કેટલાક ડેબિટ કાર્ડ પર વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જમાં મોટો ફેરફાર કર્યો છે. ડેબિટ કાર્ડ પર વધેલો વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. ઉપલબ્ધ માહિતી મુજબ, ક્લાસિક, સિલ્વર, ગ્લોબલ અને કોન્ટેક્ટલેસ ડેબિટ કાર્ડ્સની વર્તમાન વાર્ષિક જાળવણી ફી ૧ એપ્રિલથી સુધારવામાં આવશે. એસબીઆઈએ એમ પણ કહ્યું કે વાર્ષિક જાળવણી ચાર્જમાં આ ફેરફારો સિવાય, તે ડેબિટ કાર્ડને જારી કરવા અને બદલવા સંબંધિત ચાર્જિસમાં પણ ફેરફાર કરશે. યુવા, ગોલ્ડ, કોમ્બો ડેબિટ કાર્ડ, માય કાર્ડ (ઈમેજ કાર્ડ) જેવા ડેબિટ કાર્ડ માટે વાર્ષિક જાળવણી હાલના રૂ. ૧૭૫ GSTથી વધારીને રૂ. ૨૫૦ GST કરવામાં આવી છે. ક્લાસિક, સિલ્વર, ગ્લોબલ, કોન્ટેક્ટલેસ ડેબિટ કાર્ડ્સ સહિત ઘણા કાર્ડ્સ માટે વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ હાલમાં ૧૨૫ રૂપિયા GST છે, જે વધારીને ૨૦૦ રૂપિયા GST કરવામાં આવ્યો છે. પ્લેટિનમ ડેબિટ કાર્ડ માટે વાર્ષિક મેન્ટેનન્સ, જે હાલમાં રૂ. ૨૫૦ GST હતું, તે હવે વધારીને રૂ. ૩૨૫ GST કરવામાં આવ્યું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ડેબિટ કાર્ડ જેવા પ્રાઈડ પ્રીમિયમ બિઝનેસ ડેબિટ કાર્ડ માટે આખા વર્ષની જાળવણી ફી રૂ. તેને રૂ. ૩૫૦ GSTથી વધારીને રૂ.૪૨૫ GST કરવામાં આવ્યો છે. SBI ડેબિટ કાર્ડ માટે વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ તપાસવા માટે, તમે SBIની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈ શકો છો અથવા બેંકની ગ્રાહક સંભાળનો સંપર્ક કરી શકો છો. આ સિવાય ખાતું ખોલાવતી વખતે અથવા બેંકની વેબસાઈટ પર આપવામાં આવેલા નિયમો અને શરતોમાં લાગુ પડતા શુલ્ક વિશે માહિતી હોવી જોઈએ. ડેબિટ કાર્ડના પ્રકાર અને વિશેષ ખાતાના પ્રકારને આધારે શુલ્ક બદલાય છે.

### માર્ચમાં જ મે જેવી ગરમી : હીટ વેવનું એલર્ટ જારી

# દેશના અનેક રાજ્યોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર

## માર્ચમાં આકરી ગરમીને ધ્યાનમાં રાખીને જૂન સુધીમાં દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી શકે છે

નવી દિલ્હી, તા.૨૮

દેશના ઘણા રાજ્યોમાં માર્ચ મહિનામાં જ તીવ્ર ગરમીનું મોજું જોવા મળી રહ્યું છે. માર્ચમાં આકરી ગરમીને ધ્યાનમાં રાખીને જૂન સુધીમાં દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી શકે છે. ભારતના હવામાન વિભાગના તાજેતરના અપડેટમાં, કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. ભારતીય હવામાન વિભાગએ આગામી બે-ત્રણ દિવસમાં કેટલાક રાજ્યોમાં તાપમાન સરેરાશ કરતા વધુ રહેવાની આગાહી કરી છે. આઈએમડીના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાનીએ કહ્યું કે, એક વિરોધી ચક્રવાત છે જેના કારણે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આગામી ૨-૩ દિવસ સુધી તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સેલ્સિયસ રહેશે. હવામાનશાસ્ત્રીએ કોંકણ અને ગોવા પ્રદેશોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિની આગાહી કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ મહારાષ્ટ્રના આંતરિક ભાગોમાં ગરમીનું મોજું યથાવત રહેશે. IMDના અપડેટ મુજબ બુધવારે ગુજરાતના ભુજમાં પારો ૪૧.૬ ડિગ્રી અને રાજકોટમાં ૪૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. જ્યારે મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસ અને વાશિમમાં ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૨૭થી ૨૯ માર્ચ સુધી ઉત્તરીય આંતરિક કર્ણાટકના અલગ-અલગ ભાગોમાં, ૨૭ અને ૨૮ માર્ચે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ અને ૨૭ માર્ચે દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાં હીટ વેવની સ્થિતિ અત્યંત સંભવિત છે. આ ઉપરાંત, ૨૭ થી ૨૯ માર્ચ દરમિયાન ગુજરાત, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રના અલગ-અલગ વિસ્તારોમાં ગરમ રાતની અપેક્ષા છે, જેમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જ્યારે કેન્દ્રમાં મહત્તમ તાપમાન મેદાનોમાં ઓછામાં ઓછું ૪૦ ડિગ્રી સેલ્સિયસ, દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને પહાડી વિસ્તારોમાં ૩૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, જે સામાન્ય કરતાં ઓછામાં ઓછા સાડા ચાર ડિગ્રી વધારે હોય ત્યારે હીટ વેવ થાય છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, અલ નીનોને કારણે, આ વર્ષે ઉનાળાની મોસમ સામાન્ય કરતાં વધુ ગરમ રહેવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગએ પૂર્વોત્તર દ્વીપકલ્પના ભારતમાં સામાન્ય દિવસો કરતાં વધુ ગરમ રહેવાની આગાહી કરી છે. ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે અલ નીનોની અસર ઉનાળાની ઋતુ પર ચાલુ રહેશે. અલ નીનો એ મધ્ય પેસિફિક મહાસાગરમાં પાણીના ગરમ થવાને કારણે આબોહવાની ઘટના છે. અલ નીનોની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે અને તેનાથી ભારતમાં ગરમી વધી શકે છે.

### લોકસભા ચૂંટણી પહેલા સરકારની ભેટ

# મનરેગાના વેતનમાં બમ્પર વધારો, જાહેરનામું બહાર પાડ્યું

## નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે મનરેગા મજૂરોના વેતનમાં ૩ થી ૧૦ ટકાનો વધારો કર્યો છે

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારે 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના' (મનરેગા) હેઠળ કામ કરતા મજૂરોને મોટી ભેટ આપી છે. સરકારે મનરેગાના વેતન દરમાં ૩ થી ૧૦ ટકાનો વધારો કર્યો છે. ગુરુવારે (૨૮ માર્ચ) આ સંબંધમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. લોકસભા ચૂંટણી પહેલા વેતન દરમાં વધારો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે છે. મનરેગા કામદારો માટે નવા વેતન દરો ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. મનરેગાના વેતનમાં વધારો ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલા વધારા જેવો જ છે. નોટિફિકેશન અનુસાર, ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૨૦૨૪-૨૫ માટે વેતન દરમાં ઓછામાં ઓછો ૩ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, ગોવામાં વેતનમાં સૌથી વધુ વધારો કરવામાં આવ્યો છે. અહીં મનરેગાના વેતન દરમાં ૧૦.૬ ટકાનો વધારો થયો છે. સરકારે એવા સમયે દરોમાં વધારો કર્યો છે જયારે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાંથી ભંડોળ રોકવાને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. બિઝનેસ સ્ટાન્ડર્ડે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ગ્રામીણ વિકાસ મંત્રાલયે શ્રમ દરોને સૂચિત કરતા પહેલા ચૂંટણી પંચ પાસેથી પરવાનગી માંગી હતી. તેનું કારણ એ છે કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને હાલમાં સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા લાગુ છે. કમિશન તરફથી લીલી ઝંડી મળતા જ મંત્રાલયે તુરંત જ વધેલા વેતન અંગે સૂચના જારી કરી હતી. તમને જણાવી દઈએ કે વેતન દરોમાં ફેરફાર એ નિયમિત પ્રક્રિયા છે. આ વર્ષે સંસદમાં રજૂ કરાયેલા અહેવાલમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ પરની સંસદીય સ્થાયી સમિતિએ રાજ્યોમાં મનરેગાના વેતન દરોમાં તફાવત વિશે માહિતી આપી હતી. સમિતિએ કહ્યું કે હવે જે વેતન આપવામાં આવી રહ્યું છે તે પૂરતું નથી. જો આપણે વર્તમાન જીવન ખર્ચ પર નજર કરીએ તો, વેતન દર પૂરતો નથી. સંસદીય સ્થાયી સમિતિએ લઘુત્તમ વેતન અંગે કેન્દ્ર સરકારની સમિતિ 'અનુપ સત્પથી સમિતિ'ના અહેવાલને પણ ટાંક્યો હતો. ભલામણ કરવામાં આવી હતી કે મનરેગા કાર્યક્રમ હેઠળ વેતન ૩૭૫ રૂપિયા પ્રતિ દિવસ હોવું જોઈએ. જેના કારણે સરકાર વેતન વધારવા જઈ રહી હોય તેવું લાગી રહ્યું હતું.

### કોર્ટમાં બે મોટા નામ આપી દેતાં જજ-ઈડી ખળભળ્યાં

# કેજરીવાલે રાઉઝ એવેન્યુ કોર્ટમાં વકીલને બદલે પોતાની જાતે દલીલો કરી

## કેજરીવાલે કહ્યું કે જો હું મોદી અને અમિત શાહને ૧૦૦ કરોડ આપવાનું કહું તો શું તમે ફક્ત મારા નિવેદનને આધારે તેમની ધરપકડ કરશો?

નવી દિલ્હી, તા.૨૮

આજે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં દારુ કૌભાંડના આરોપી સીએમ અરવિંદ કેજરીવાલે વકીલને બદલે પોતાની જાતે જજ સામે દલીલો કરીને તેમને અને ઈડીને ચૂપ કરી મૂક્યાં હતા. કેજરીવાલે પોતાની દલીલોમાં એક સવાલ એવો છેડ્યો કે જેની પર જજ અને ઈડીના વકીલ બંને ચૂપ રહી ગયા હતા અને થોડી વાર તો સન્નાટો છવાઈ ગયો હતો, બંને નામ પર કોઈને પણ કંઈ જવાબ ન આપ્યો. ખુદ વકીલ બનેલા કેજરીવાલે પહેલો સવાલ એવો કર્યો કે મારી ધરપકડ કેમ થઈ, જવાબમાં ઈડીના વકીલે એવું કહ્યું કે અમારી પાસે તમારી સામે નિવેદન છે. ત્યાર બાદ કેજરીવાલે કહ્યું કે જો હું મોદી અને અમિત શાહને ૧૦૦ કરોડ આપવાનું કહું તો શું તમે ફક્ત મારા નિવેદનને આધારે તેમની ધરપકડ કરશો? આ સવાલ પર જજ અને ઈડીના વકીલ બંને ચૂપ રહ્યાં હતા. કેજરીવાલે વકીલ દ્વારા નહીં પરંતુ પોતે જજની સામે પોતાનો કેસ રજૂ કર્યો હતો. તેમણે જજને કહ્યું કે ઈડીના બે જ ઉદ્દેશ્ય છે. એક, આપ (આમ આદમી પાર્ટી)ને સમાપ્ત કરવા માટે. બીજું ગેરવસૂલીનું રેકેટ ચલાવવાનો, જેના દ્વારા તેઓ પૈસા ભેગા કરી રહ્યા છે. શરથ રેડ્ડીએ ભાજપને ૫૫ કરોડ રૂપિયા આપ્યા હતા. મારી પાસે પુરાવો છે કે આ રેકેટ ચાલી રહ્યું છે. કેજરીવાલે કહ્યું કે ચાર જગ્યાએ મારું નામ આવ્યું છે, માત્ર એક છે સી અરવિંદ તેમણે મારી હાજરીમાં સિસોદિયાને કેટલાક દસ્તાવેજો આપ્યા હતા. ધારાસભ્યો દરરોજ મારા ઘરે આવે છે. શું આ નિવેદન ચૂંટાયેલા મુખ્ય પ્રધાનની ધરપકડ કરવા માટે પૂરતું છે?. કેજરીવાલે ઈડીના અધિકારીઓને તેમના સારા વર્તન બદલ આભાર માન્યો. તેમણે કહ્યું કે આ કેસ બે વર્ષથી ચાલી રહ્યો છે. કેજરીવાલે કહ્યું- કોઈ પણ કોર્ટે મને દોષી નથી માન્યો. ચાર લોકોએ મારી વિરુદ્ધ નિવેદનો આપ્યા હતા અને તેના આધારે મારી ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલ એવું પણ બોલ્યાં કે જો ૧૦૦ કરોડનું દારુ કૌભાંડમાં થયું હોય તો તેના પૈસા ક્યાં ગયા? કેજરીવાલે આ કેસના આરોપી સરથ રેડ્ડીની કંપની દ્વારા ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ભાજપના ભંડોળનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

### અરવિંદ કેજરીવાલને મોટી રાહત

# દિલ્હીના CM પદેથી હટાવવાની PIL હાઈકોર્ટે ફગાવી દીધી

## કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવા કે નહીં તે નક્કી કરવાનું કામ એક્ઝિક્યુટિવ તંત્રનું છે : દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હી હાઈકોર્ટમાંથી મહત્ત્વની રાહત મળી છે. ઈડીએ કેજરીવાલને કસ્ટડીમાં લીધા પછી હાલમાં તેઓ જેલમાં છે અને ત્યાંથી જ સરકાર ચલાવે છે. કેજરીવાલ જેલમાં હોવાથી તેમને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે અરજી થઈ હતી જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે કહ્યું કે તેમને સીએમ પદેથી દૂર કરવાનો કોઈ નિયમ નથી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવા કે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયતંત્રનું નહીં પરંતુ એક્ઝિક્યુટિવ તંત્રનું છે.કેજરીવાલને ઈડી પકડી ગઈ છે અને રિમાન્ડ પર લીધા છે. કેજરીવાલે હજુ મુખ્યમંત્રીપદ છોડ્યું નથી. જેલમાંથી જ તેઓ ઓર્ડર પણ આપી રહ્યા છે. તેથી તેમને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે એક જાહેર હિતની અરજી થઈ હતી. દિલ્હી હાઈકોર્ટે આ PIL ફગાવી દેતા કહ્યું કે, "આ નિર્ણય એક્ઝિક્યુટિવે લેવાનો છે. તેમને હટાવવાનો કોઈ નિયમ નથી."હાઈકોર્ટમાં કાર્યકારી ચીફ જસ્ટિસ મનમોહનના અધ્યક્ષપદ હેઠળની બેન્ચે આ મુદ્દાના મહત્ત્વ વિશે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે આ બાબત ન્યાયતંત્રની દખલગીરીના દાયરામાં નથી આવતી. સરકારની અન્ય પાંખોએ કાયદા અનુસાર આ વિશે વિચાર કરવાનો છે. સુરજિત સિંહ યાદવ નામના અરજકર્તાએ દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી અરવિંદ કેજરીવાલને હટાવવા માટે અરજી કરી હતી. કોર્ટે તેમના વકીલને પૂછ્યું કે કેજરીવાલ મુખ્યમંત્રી પદે ન રહી શકે તેવી કઈ કાયદાકીય મનાઈ છે? કોર્ટે કહ્યું કે પ્રેક્ટિકલી જોવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ છે. પરંતુ એ વાત અલગ છે. લીગલ અવરોધ ક્યાં છે?દિલ્હીની શરાબ નીતિ ઘડવામાં કેજરીવાલ પર કરપ્શનનો આરોપ લાગ્યો છે. તેમની સામે મની લોન્ડરિંગનો પણ આરોપ છે અને આ કેસમાં ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી.દરમિયાન રાજધાની નવી દિલ્હીમાં આપના ટેકેદારો ઉગ્ર આંદોલન કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત ૩૧ માર્ચના રોજ રામલીલા મૈદાનમાં ઈન્ડિયા બ્લોક દ્વારા એક સંયુક્ત રેલી યોજવામાં આવશે, જેમાં કેજરીવાલની ધરપકડનો વિરોધ કરવામાં આવશે.આ કેસ ૨૦૨૨માં દિલ્હીની એક્સાઈઝ પોલિસીની રચના અને અમલીકરણ દરમિયાન કથિત ગેરરીતી તથા મની લોન્ડરિંગને લગતો છે. ઈડીએ નવેમ્બર ૨૦૨૧માં જણાવ્યું હતું કે નીતિમાં ઈરાદાપૂર્વક છટકબારીઓ સાથે રચવામાં આવી હતી, જેનાથી કાર્ટેલ રચાય છે અને તેમાં આપના નેતાઓને ફાયદો થાય છે.અરવિંદ કેજરીવાલ સામે ઈડીની કાર્યવાહીની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. અમેરિકા અને જર્મની જેવા દેશોએ કહ્યું છે કે આ કેસ તટસ્થ રીતે ચલાવવામાં આવે તે જરૂરી છે. ભારત આ ટિપ્પણીથી નારાજ થયું છે અને અમેરિકા તથા જર્મનીના ડિપ્લોમેટને ઠપકો આપ્યો છે.

### સીએમ એકનાથ શિંદેએ પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

# બોલિવુડના પ્રખ્યાત અભિનેતા ગોવિંદા શિવસેનામાં જોડાયા

## ગોવિંદાને મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પરથી ટિકિટ મળી શકે છે

મુંબઈ, તા.૨૮

પ્રખ્યાત અભિનેતા ગોવિંદા મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેને મળ્યા અને શિવસેનામાં જોડાયા. તેમને લોકસભા ચૂંટણી માટે ટિકિટ મળી શકે છે. ગોવિંદાને મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પરથી ટિકિટ મળી શકે છે. ગોવિંદા કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા. સીએમ એકનાથ શિંદેએ પાર્ટીમાં તેમનું સ્વાગત કરતા કહ્યું કે તેઓ ડાઉન ટુ અર્થ છે અને દરેક તેમને પસંદ કરે છે.સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે, "આજે હું ગોવિંદાનું અસલી સ્વાગત કરું છું, જેઓ જમીન સાથે જોડાયેલા છે અને દરેકને પસંદ છે. ગોવિંદાએ કહ્યું, "જય મહારાષ્ટ્ર... હું સીએમ શિંદેનો આભાર માનું છું. હું ૨૦૦૪-૦૯થી રાજકારણમાં હતો. તેમાંથી બહાર આવ્યા પછી, મેં વિચાર્યું નહોતું કે હું પાછો આવીશ. પરંતુ ૨૦૧૦-૨૪ આ ૧૪ વર્ષના આ વનવાસ પછી હું શિંદેજીના રામરાજ્યમાં પાછો આવ્યો છું."સીએમ શિંદેએ કહ્યું, "ગોવિંદાની કોઈ શરત નથી. તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કામ ગમ્યું. તેને અમારી સાથે કામ કરવું છે. તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કંઈક કરવું છે. તેણે કહ્યું કે મારે કોઈ ટિકિટ જોઈતી નથી. મારી એક અલગ ઓળખ છે. તે જ્યાં જાય છે ત્યાં હજારો લોકો ભેગા થાય છે. હવે જો તે અમારી સાથે હશે તો લાખો લોકો ભેગા થશે સીએમ શિંદેએ એમ પણ કહ્યું કે રાજ્યમાં જે પ્રકારનું કામ થયું છે તે બધાએ જોયું છે. આ એવી સરકાર નથી જે ઘરે બેસીને કામ કરે. રસ્તા પર કામ કરતી સરકાર છે. તેથી અમે ૪૮ બેઠકો પર નજર રાખી રહ્યા છીએ, અમે મોટી સંખ્યામાં જીતીશું.તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં દ્વદ્ધછની સીટો વચ્ચે સીટોની અંતિમ વહેંચણી હજુ થઈ નથી. જો કે ભાજપ અને અજિત પવારે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. સીએમ એકનાથ શિંદેની પાર્ટીએ હજુ સુધી કોઈને ટિકિટ આપી નથી. સૂત્રોનું માનીએ તો ગોવિંદાને ટિકિટ મળવાનું નિશ્ચિત છે.

### યુપી-હરિયાણામાં બદલાશે હવામાન

# રાજસ્થાન-ગુજરાતમાં આકરી ગરમી, પૂર્વોત્તરમાં વરસાદ

## ભારતના હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઉત્તરી દ્વીપકલ્પ, મધ્ય ભારત અને રાજસ્થાન સહિત ઘણા ભાગોમાં ગરમી વધી રહી છે

નવી દિલ્હી, તા.૨૮

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૭ થી ૩૧ માર્ચ દરમિયાન પશ્ચિમ હિમાલય ક્ષેત્ર અને ઉત્તર પશ્ચિમ ભારતના આસપાસના મેદાનોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. IMDએ કહ્યું કે ૩૦ માર્ચથી ૧ એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદ પડશે. ઉત્તર-પૂર્વ ભારતમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય અને સિક્કિમ સહિત ઘણા રાજ્યોનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે ગુરુવારે (૨૮ માર્ચ, ૨૦૨૪) જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, પશ્ચિમ યુપી અને હિમાચલ પ્રદેશમાં ગાજવીજની ચેતવણી આપી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આવું થશે. હવામાન વિભાગે કહ્યું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હરિયાણા અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં પણ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૭-૨૯ માર્ચ, ૨૦૨૪ દરમિયાન ઉત્તરીય કર્ણાટક અને ગુજરાતના કચ્છમાં વિવિધ સ્થળોએ હીટવેવ આવવાની શક્યતા છે.

### દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને કોર્ટે આપ્યો ઝટકો

# કેજરીવાલના ૪ દિવસ રિમાન્ડ લંબાયા ૧ એપ્રિલ સુધી EDની કસ્ટડીમાં રહેશે

## ગુરુવારે કેજરીવાલના ૧૦ દિવસના રિમાન્ડ પૂરા થયા હતા : આ પછી ઈડીએ તેને કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હી લિકર પોલિસી કેસમાં કોર્ટે રાહત આપી નહોતી. કેજરીવાલને એક એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી વધારવાનો કોર્ટે આદેશ આપ્યો હતો દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે EDની ટીમ ગુરુવારે બપોરે રાઉઝ એવન્યુ કોર્ટ પહોંચી હતી. જ્યાં ED અને કેજરીવાલ બંને તરફથી જોરદાર દલીલો આપવામાં આવી હતી. દલીલો સાંભળ્યા બાદ કોર્ટે કેજરીવાલના ED રિમાન્ડને ૪ દિવસ માટે લંબાવી હતી. આજે ગુરુવારે કેજરીવાલના ૧૦ દિવસના રિમાન્ડ પૂરા થયા હતા. આ પછી EDએ તેને કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.દિલ્હીના સીએમના રિમાન્ડની માંગ કરતી વખતે EDએ કહ્યું કે મોબાઈલ ફોન (અરવિંદ કેજરીવાલની પત્નીના)માંથી ડેટા કાઢવામાં આવ્યો છે અને હાલમાં તેનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. જો કે, અન્ય ચાર ડિજિટલ ઉપકરણો (CM કેજરીવાલ સાથે સંબંધિત) માંથી ડેટા જપ્ત કરવામાં આવ્યો છે, જે ૨૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ દિલ્હીના મુખ્યમંત્રીના પરિસરમાંથી તપાસ દરમિયાન મળી આવ્યો હતો.

એએસજી એસવી રાજુએ કહ્યું હતું કે કેજરીવાલનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તેઓ પ્રશ્નોના સીધા જવાબો આપી રહ્યા નથી. ઈડીએ અરવિંદ કેજરીવાલની ૭ દિવસની કસ્ટડીની માંગણી કરી હતી. ASGએ કહ્યું, 'મળેલા ડિજિટલ ડેટાની પણ તપાસ કરવામાં આવી રહી છે. કેટલાક લોકોને ગોવાથી બોલાવવામાં આવ્યા છે અને તેમને રૂબરૂ બેસીને તેમના નિવેદનો નોંધવા પડશે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.જ્યારે કેજરીવાલે કોર્ટ સમક્ષ તેમની ધરપકડનો વિરોધ કરતા કહ્યું કે, આ કેસ બે વર્ષથી ચાલી રહ્યો છે. સીબીઆઈનો કેસ ઓગસ્ટ ૨૦૨૨માં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે કોઈ અદાલતે મને દોષિત ઠેરવ્યો નથી ત્યારે મારી ધરપકડ કેમ કરવામાં આવી? ઈડીનો ઈરાદો મારી ધરપકડ કરવાનો હતો. માત્ર ચાર લોકોના નિવેદનમાં મારું નામ આવ્યું હતું. જે લોકોએ મારી તરફેણમાં નિવેદનો આપ્યા હતા તેમના નિવેદનો મારી વિરુદ્ધ બળજબરીથી મેળવવામાં આવ્યા છે. તેઓ AAPને તોડવા માંગે છે. આના પર જજે કહ્યું કે તમે લેખિત નિવેદન કેમ નથી આપતા. કેજરીવાલે કહ્યું, 'આ મામલો હાલમાં બે વર્ષથી ચાલી રહ્યો છે. EDએ ૨૫૦૦૦ પાનાની તપાસ કરી છે. શું એક નિવેદન એક વર્તમાન મુખ્યમંત્રીની ધરપકડ કરવા માટે પૂરતું છે? અમે દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ. કેજરીવાલે કહ્યું, ઈડી આ મામલે ગેરમાર્ગે દોરે છે અને એવી છબી બનાવી રહી છે કે AAP એક ભ્રષ્ટ પાર્ટી છે. મની ટ્રેઈલ સ્થાપિત કરવામાં આવી છે કે સરથ ચંદ્ર રેડ્ડીને જામીન મળ્યા પછી તરત જ ભાજપને ૫૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. અમે રિમાન્ડનો સામનો કરવા તૈયાર છીએ. અમે રિમાન્ડનો વિરોધ નથી કરી રહ્યા. અમારી પાસે બોન્ડની નકલો પણ છે. આના પર EDએ કેજરીવાલનો કોર્ટમાં બોલવાનો વિરોધ કર્યો હતો.કેજરીવાલના વકીલે કહ્યું, 'શું તે મને મારા ફોનનો પાસવર્ડ આપવા માટે દબાણ કરી શકે છે?' આ પહેલા કોર્ટમાં પહોંચ્યા બાદ મીડિયાના સવાલનો જવાબ આપતા કેજરીવાલે કહ્યું કે આ એક રાજકીય ષડયંત્ર છે અને જનતા તેનો જવાબ આપશે.આ દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે કહ્યું હતું કે, 'કેજરીવાલને હેરાન કરવામાં આવી રહ્યા છે.' જો કે તેમણે એ વાતનો ખુલાસો નહોતો કર્યો કોણ તેમને હેરાન કરી રહ્યું છે? તેમણે એમ પણ કહ્યું કે કેજરીવાલનું સ્વાસ્થ્ય સારું નથી.

### PhD એડમિશન માટે બદલાયો નિયમ

# જુદી-જુદી પરીક્ષાના બદલે હવે એક જ પરીક્ષા આપવી પડશે

## NET ક્વોલિફાય વિદ્યાર્થી Ph.Dમાં એડમિશન મેળવી શકશે

નવી દિલ્હી, તા.૨૮

Ph.Dમાં પ્રવેશ માટે UGCએ મોટો નિર્ણય કર્યો છે. હવેથી NET ક્વોલિફાય વિદ્યાર્થી Ph.Dમાં એડમિશન મેળવી શકાશે. જુદી-જુદી પરીક્ષાના બદલે હવે એક જ પરીક્ષા આપવી પડશે. ૫૭૮ બેઠક બાદ કમિટીએ આપેલા સૂચનના પછી આ નિર્ણય લેવાયો છે. અગાઉ દરેક યુનિવર્સિટી ર.ઢ પ્રવેશ માટે પરીક્ષા લેતી હતી. ત્યારે હવેઅલગ અલગ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા નહિ આપવી પડે.

પીએચડીમા એડમિશન માટે હવે ઉમેદવારોને અલગ અલગ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા નહિ આપવી પડે. શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી નેટ સ્કોરના આધાર પર પીએચડીમાં એડમિશન મળશે. નેટ ક્વોલિફાઈડ જુન, ૨૦૨૪ થી હવે ત્રણ કેટેગરી માટે યોગ્ય ગણાશે. ૅઝએ આ નિર્ણય માટે કમિટીની નિમણૂંક કરી હતી. યુજીસીની કાઉન્સિલ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ અંતર્ગત પીએચડીના એડમિશનના નવા નિયમને મંજૂરી આપવામા આવી છે.નવા નિયમ અંતર્ગત નેટ પર્સન્ટાઈલના આધાર પર ત્રણ કેટેગરીમાં લાભ મળશે. જે ઉમેદવારોને નેટ પર્સન્ટાઈલ વધારે હશે, તે કેટેગરી-૧ માં રહેશે. તે જેઆરએફ, સહાયક પ્રોફેસરની સાથે પીએચડી એડમિશન તથા ફેલોશિપ માટે યોગ્ય ગણાશે. તેઓને પીએચડીમાં એડમિશન માટે ઈન્ટરવ્યૂ આપવાનો રહેશે, યુજીસી રેગ્યુલેશન ૨૦૨૨ ના આધાર પર થશે. કેટેગરી-૨ માં મધ્યમ પર્સન્ટાઈલવાળા સહાયક પ્રોફેસર અને પીએચડી એડમિશન માટે યોગ્ય ગણાશે. તેના બાદ સફળ પરંતુ સૌથી ઓછા પર્સન્ટાઈલ વાળા ઉમેદવાર કેટેગરી-૩ મા હશે. તે માત્ર પીએચડી એડમિશન માટે યોગ્ય ગણાશે. પરિણામના પ્રમાણપત્રમાં ઉમેદવારની કેટેગરી આપવામા આવશે.પીએચડી એડમિશન માટે કેટેગરી-૨ તેમજ કેટેગરી-૩ ના ઉમેદવારોને નેટ પર્સન્ટાઈલને ૭૦ ટકા વેઈટેજમાં મૂકવામાં આવશે. તો ઈન્ટરવ્યૂનું વેઈટેજ ૩૦ ટકા રહેશે. આ બંને કેટેગરીમાં નેટ સ્કોર માત્ર એક વર્ષ માટે માન્ય રહેશે. જો આ સમયગાળામાં પીએચડી કાર્યક્રમમાં એડમિશન લઈ શકતા નથી, તો તેનો લાભ નહિ મળે. ઉમેદવારને ફરીથી નેટ પાસ કરવી પડશે.

### સારવાર દરમિયાન મોત નિપજ્યું

# ચૂંટણી લડવા પાર્ટીએ ટિકિટ ન આપતા સાંસદે ઝેર ગટગટાવ્યું

### તમિલનાડુના સાંસદ-MDMK પાર્ટીના નેતા ગણેશમૂર્તિને લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન મળવાથી લાગી આવ્યું

ચેન્નાઈ, તા.૨૮

ભારતમાં રાજકારણમાં આવ્યા પછી લોકો સત્તા માટે એટલા બેબાકળા થઈ જાય છે કે સત્તા ગુમાવવાની બીકમાં તેઓ કંઈ પણ કરી બેસે છે. તમિલનાડુમાં MDMK પાર્ટીના હાલના સાંસદ એ. ગણેશમૂર્તિને તેમના પક્ષે લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન આપતા ગણેશમૂર્તિને એટલું લાગી આવ્યું કે તેમણે ઝેરી દવા પી લીધી હતી. તેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું છે. ચૂંટણીની ટિકિટ ન મળવાના કારણે નેતાએ જીવ ટૂંકાવ્યો હોય તેવી આ દુર્લભ ઘટના છે.

ગણેશમૂર્તિ ઈરોડના સાંસદ હતા જેમને ટિકિટ ન મળવાના કારણે તેઓ નિરાશ થઈ ગયા હતા અને જંતુનાશક દવા ગટગટાવી ગયા હતા. તેમને અહીં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ સારવારથી કોઈ ફરક પડ્યો ન હતો અને તેમનું મૃત્યુ થયું છે. ગણેશમૂર્તિની ઈચ્છા હતી કે લોકસભાની ચૂંટણી માટે તેમનો પક્ષ MDMK તેમને ટિકિટ આપે. પરંતુ ટિકિટ ન મળવાથી તેઓ નિરાશ થઈ ગયા હતા. તેમણે જંતુનાશક દવા પીધા પછી તેમને કોવાઈ મેડિકલ કેર એન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ આજે સવારે ૫ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના મૃતદેહને ઈરોડ ખાતે પેરુન્દુરાઈની સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

ગણેશમૂર્તિ MDMKના એક સિનિયર નેતા હતા. તેઓ ૨૦૧૯માં ડીએમકેના ઉગતા સૂરજના સિમ્બોલ પર ઈરોડ સંસદીય ક્ષેત્રની ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. પરંતુ આગામી લોકસભાની ચૂંટણી માટે તેમને પાર્ટીએ ઉમેદવાર ન બનાવતા તેઓ અત્યંત તણાવનો સામનો કરતા હતા. ૨૪ માર્ચે રવિવારે તેમણે ઈરોડ શહેરમાં પોતાના ઘરે જંતુનાશક દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમને તાત્કાલિક એક ખાનગી હોસ્પિટલે લઈ જવાયા હતા જ્યાં પ્રાથમમિક સારવાર આપવામાં આવી હતી. ત્યાર પછી તેમને KMCH ખાતે ખસેડવામાં આવ્યા હતા. એમડીએમકેના મહામંત્રી વાઈકો અને બીજા પાર્ટીને નેતાઓ આજે તેમના ઘરની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ આપશે.

એમડીએમકેના નેતા વાઈકોએ પત્રકારોને કહ્યું કે અમારી પાર્ટીના પદાધિકારીઓએ લોકસભાની ચૂંટણી માટે દુરાઈ વાઈકોના નામની ભલામણ કરી ત્યારે મેં તેને સ્વીકારી ન હતી. તેથી અમે એક પોલ કર્યો. તેમાં ૯૯ ટકા લોકોએ દુરાઈ વાઈકો અને ગણેશમૂર્તિના નામ સૂચવ્યા હતા. અમે નક્કી કર્યું કે આ વખતની ચૂંટણીમાં ગણેશમૂર્તિને ટિકિટ ન આપી શકાય, તો આગામી લોકસભાની ચૂંટણીમાં તેમને ઉભા રાખવા. પરંતુ તેમણે આ અંતિમ પગલું ભરી લીધું છે.

### કોઈ પણ ઉમેદવારે તેમના વિરુદ્ધ નામાંકન દાખલ કર્યું નથી

# સીએમ પેમા ખાંડુ સહિત ભાજપના ૫ ઉમેદવારોની જીત લગભગ નક્કી

### અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુના મુક્તો વિધાનસભા વિસ્તારથી નિર્વિરોધ ચૂંટાઈ આવે તેવી સંભાવના છે

ઈટાનગર, તા.૨૮

અરુણાચલ પ્રદેશમાં મતદાન પહેલા જ સીએમ પેમા ખાંડુ સિહત ભાજપના ૫ ઉમેદવારોની જીત લગભગ નક્કી થઈ ગઈ છે. વાત જાણે એમ છે કે આ ઉમેદવારોની સામે કોઈ ઉમેદવાર ઊભા રહ્યા નથી. કોઈ પણ ઉમેદવારે તેમના વિરુદ્ધ નામાંકન દાખલ કર્યું નથી. અત્રે જણાવવાનું કે અરુણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલના રોજ વિધાનસભાની ૬૦ બેઠકો માટે મતદાન થવાનું છે. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુના મુક્તો વિધાનસભા વિસ્તારથી નિર્વિરોધ ચૂંટાઈ આવે તેવી સંભાવના છે. એટલું જ નહીં ભાજપના અનેક અન્ય ઉમેદવારો પણ અલગ અલગ વિધાનસભા સીટથી નિર્વિરોધ ચૂંટાઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સથી એવા સંકેત મળ્યા છે કે અરુણાચલ પ્રદેશની પાપુમ પારે સહિત અનેક બેઠકો પર વિપક્ષી ઉમેદવારોએ નામાંકન દાખલ કર્યા નથી. જેના કારણે ૫ સીટો પર સત્તાધારી પક્ષની જીતનો રસ્તો સરળ બન્યો છે. સગાલીથી એર રાતૂ તેચી નિર્વિરોધ જીત મેળવવા માટે એક વધુ પ્રમુખ દાવેદાર તરીકે ઉભર્યા છે. આ ઉપરાંત નિચલે સુબનસિરી જિલ્લાના ઝીરોથી એર હેજ અપ્પાએ પણ કોઈ વિરોધનો સામનો કરવો પડ્યો નથી. જેના કારણે ભાજપની સ્થિતિ વધુ મજબૂત બની છે. આ ઉપરાંત તાલીથી જિક્કે તાકો, તલિહાથી ન્યાતો ડુકોમ, સાગાલીથી રાતુ તેચી અને રોઈંગ વિધાનસભા મતવિસ્તારોથી મુચ્ચુ મીઠી પણ નિર્વિરોધ જીત મેશવશે. અત્રે જણાવવાનું કે સાગલીથી વિધાયક તરીકે ૩૦ વર્ષ સેવા આપનારા પૂર્વ મુખ્યમંત્રી નબામ તુકીએ આ વખતે સંસદીય ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. તેઓ આલોથી ચૂંટણી લડી રહ્યા છે.

### સાવિત્રી જિંદાલ હરિયાણા સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે

# ૩૦ અબજ ડોલરના માલિક સાવિત્રી જિંદાલે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો

### સાવિત્રી જિંદાલ પણ ભાજપમાં સામેલ થશે તેવી અટકળો પુત્ર નવીન જિંદાલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે

નવી દિલ્હી, તા.૨૮

ભારતના સૌથી ધનિક મહિલા ગણાતા સાવિત્રી જિંદાલે કોંગ્રેસ સાથે છેડો ફાડવાની જાહેરાત કરી છે. સાવિત્રી જિંદાલના પુત્ર નવીન જિંદાલ તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. હવે સાવિત્રી જિંદાલ પણ ભાજપમાં સામેલ થશે તેવી અટકળો ચાલે છે. સાવિત્રી જિંદાલ ૩૦ અબજ ડોલરથી વધુ સંપત્તિના માલિક છે. તેઓ હરિયાણા સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ ઓપી જિંદાલ ગ્રુપના ચેરમેન છે.

લોકસભાની ચૂંટણી અગાઉ કોંગ્રેસને વધુ એક મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસના બેંક ખાતા સિઝ થયેલા હોવાથી તે ભારે નાણાકીય સંકટમાં છે. બીજી તરફ ધનાઢ્ય નેતાઓ કોંગ્રેસ છોડી રહ્યા છે. સાવિત્રી જિંદાલે ટ્વિટર પર પોતાની રાજીનામાની જાહેરાત કરી હતી. જોકે, હવે તેઓ ભાજપમાં જોડાશે કે નહીં તેના વિશે કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ. સાવિત્રી જિંદાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું છે કે, "મેં ધારાસભ્ય તરીકે ૧૦ વર્ષ સુધી હિસારના લોકોનું પ્રતિનિધિત્વ કર્યું છે. મંત્રી તરીકે મેં નિઃસ્વાર્થ ભાવે હરિયાણાની સેવા કરી છે. હિસારના લોકો મારો પરિવાર છે. મારા પરિવારની સલાહ પર હું કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહી છું. હું કોંગ્રેસના નેતૃત્વ અને મારા તમામ સાથીઓની હંમેશા આભારી રહીશ જેમણે હંમેશા મને સન્માન આપ્યું છે."

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ પ્રમાણે સાવિત્રી જિંદાલ હાલમાં સૌથી ધનાઢ્ય ભારતીય મહિલા છે. તેઓ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી જેવા અમીર લોકોની સાથે દેશના ટોચના ૫ ધનિકોમાં સ્થાન ધરાવે છે. વિશ્વના ટોચના ધનિકોમાં તેઓ ૫૬મા ક્રમે છે. તેમની પાસે ૩૦ અબજ ડોલરની સંપત્તિ છે અને તેઓ અગ્રોહા સ્થિત મહારાજા અગ્રસેન કોલેજના પ્રમુખ પણ છે.

સાવિત્રી જિંદાલ ૧૦ વર્ષથી હિસારના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૦૫માં તેમના પતિ અને જિંદાલ ગ્રુપના સ્થાપક ઓપી જિંદાલનું એક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. ત્યાર પછી તેઓ હિસારથી હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડ્યા અને જીતી ગયા. ૨૦૦૯માં તેઓ ફરીથી આ સીટ પર જીત્યા હતા. તેમને ૨૦૧૩ સુધી હરિયાણા સરકારમાં મંત્રી પદ પણ આપવામાં આવ્યું હતું. ૨૦૧૪ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં તેઓ હારી ગયા હતા. તેમના પુત્ર નવીન જિંદાલ રુક્ષેત્ર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. લોકસભાની ચૂંટણી અગાઉ કોંગ્રેસ માટે આ મોટો ફટકો ગણી શકાય કારણ કે ઘણા મહત્ત્વના નેતાઓ કોંગ્રેસ છોડી ગયા છે અને ભાજપમાં જોડાયા છે.

### અગાઉના વિમાન કરતા વધુ એડવાન્સ અને ઘાતક

# ભારતના નવા ફાઇટર જેટ Tejas MK-1Aની પ્રથમ ઉડાણ સફળ

### આ એરક્રાફ્ટ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે : એરક્રાફ્ટમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે

નવી દિલ્હી, તા.૨૮

તેજસ Mk-1A ફાઈટર જેટની પ્રથમ ઉડાન ૨૮ માર્ચ ૨૦૨૪ના રોજ બેંગલુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની સુવિધામાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ ફ્લાઈટ લગભગ ૧૮ મિનિટની હતી. થોડા સમય પહેલા આ એરક્રાફ્ટમાં ડિજિટલ ફ્લાય બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC) લગાવવામાં આવ્યું હતું.

સાદી ભાષામાં DFCC નો અર્થ છે ફાઈટર જેટમાંથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ દૂર કરવા અને તેને ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ સાથે બદલવા. મતલબ કે કોમ્પ્યુટરના હાથમાં ઘણી બધી વસ્તુઓ જાય છે, જે પ્લેનને સંતુલિત રાખે છે અને પાઈલટના કહેવા મુજબ નિયંત્રિત રહે છે.

આ સિસ્ટમના કારણે રડાર, એલિવેટર, એલિરોન, ફ્લૅપ્સ અને એન્જિન ઈલેક્ટ્રોનિક રીતે નિયંત્રિત થાય છે. વાયર દ્વારા ફ્લાય ઓવરઓલ ફાઈટર જેટને સ્વ સંતુલન આપે છે. સ્ટેબલાઇઝ કરે છે. આ પ્લેનને વધુ સુરક્ષિત બનાવે છે.

એરક્રાફ્ટનું અપગ્રેડેડ વર્ઝન, તેજસ Mk-1A, એડવાન્સ્ડ મિશન કોમ્પ્યુટર, હાઈ પરફોર્મન્સ ક્ષમતા ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC Mk-1A), સ્માર્ટ મલ્ટી-ફંક્શન ડિસ્પ્લે (SMFD), એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે (AESA) રડાર, એડવાન્સ્ડ સેલ્ફ પ્રોટેક્શન જેમર , ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ વગેરે જેવી સુવિધાઓ છે.

જો કે આ ફાઈટર જેટ તેજસ MK-1 જેવું જ છે, પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઈ છે. જેમ કે તે અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ, ઉત્તમ AESA રડાર, સેલ્ફ-પ્રોટેક્શન જામર, રડાર વોર્નિંગ રીસીવરથી સજ્જ છે. આ સિવાય ECM પોડ બહારથી પણ લગાવી શકાય છે.

માર્ક-૧એ અગાઉના વેરિઅન્ટ કરતાં થોડું હળવું છે. પરંતુ તે કદમાં પણ એટલી જ મોટી છે. એટલે કે ૪૩.૪ ફૂટ લંબાઈ. ૧૪.૫ ફૂટની ઊંચાઈ. મહત્તમ ૨૨૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. કોમ્બેટ રેન્જ ૭૩૯ કિલોમીટર છે. જો કે, તેની ફેરી રેન્જ ૩૦૦૦ કિલોમીટર છે.

આ એરક્રાફ્ટ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે. આ સિવાય ૨૩ એમએમની ટ્વીન-બેરલ કેનન લગાવવામાં આવી છે. ૯ અલગ અલગ રોકેટ, મિસાઈલ, બોમ્બ હાર્ડપોઈન્ટમાં ઈન્સ્ટોલ કરી શકાય છે. અથવા તમે તેમને મિક્સ કરી શકો છો.

ભારતીય વાયુસેનાને ૧૮૦ તેજસ ફાઈટર જેટની જરૂર છે. ૮૩ LCA Mark1A માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. એરફોર્સ વધુ ૯૭ ફાઈટર જેટ લેશે. ભારતીય વાયુસેના માર્ક ૧૭ પહેલા તેણે ૧૨૩ તેજસ ફાઈટર જેટની માંગણી કરી હતી. જેમાંથી ૩૦ જેટલા જેટની ડિલિવરી કરવામાં આવી છે.

આ પછી બાકીના ૮૩ ફાઈટર જેટ તેજસ માર્ક-1A હશે, જે ૨૦૨૪ થી ૨૦૨૮ વચ્ચે આપવામાં આવશે. અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈંગ્લેન્ડ, ચેક રિપબ્લિક, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, રશિયા, ચીન, ઈટાલી અને રોમાનિયા પાસે પણ હળવા ફાઈટર જેટ્સનો કાફલો છે.

### લોકસભાની ચૂંટણીને લઈ ભાજપમાં એક્શનમાં

# ભાજપ યોજશે મોદી પરિવાર સભા, ૫૦ હજારથી વધુ બુથમાં યોજાશે

### ગુજરાતમાં ભાજપ ચાર હજારથી વધુ મોદી પરિવાર સભા યોજશે : ૧૦થી ૧૨ બુથ દીઠ એક સભા યોજવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપમાં એક્શનમાં આવી ગયો છે. મળતી જાણકારી અનુસાર, ગુજરાતમાં ભાજપ ચાર હજારથી વધુ મોદી પરિવાર સભા યોજશે. ૧૦થી ૧૨ બુથ દીઠ એક સભા યોજવાનું આયોજન છે. એટલે કે રાજ્યના ૫૦ હજારથી વધુ બુથમાં મોદી પરિવાર સભા યોજાશે.આયોજનના પ્રદેશ સંયોજક તરીકે ધવલ દવે અને મનિષ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. મોદી પરિવાર સભામાં મોદી સરકારની અને ગુજરાત સરકારની સિદ્ધીઓ વર્ણવી જનતા સુધી પહોંચાડાશે. મોદી પરિવાર સભા માટે રાજ્યમાં ક્લસ્ટર સંયોજક નિયુક્ત કરવામાં આવ્યા છે. જામનગર, રાજકોટ, પોરબંદર માટે બ્રિજરાજસિંહ ઝાલા, અમરેલી, જૂનાગઢ, ભાવનગર માટે હાર્દિક ડોડિયા, કચ્છ, બનાસકાંઠા, પાટણ માટે યોગેંદ્રસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે.રાજકીય પક્ષોમાં સોશિયલ મીડિયાની અંદર ભારતીય જનતા પાર્ટી સૌથી પાવરફૂલ પક્ષ છે તે વાતમાં કોઈ શંકા નથી. સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર ભારતીય જનતા પાર્ટી પોતાનો પ્રચારથી કરી રહ્યો છે. અનેકવિધ પ્રકારના કન્ટેન્ટ ક્રિએટ કરી ભાજપ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી રહ્યો છે. ભાજપના વોરરૂમમા ૨૦ લોકો રોજના ૯ કલાક કન્ટેન્ટ ક્રીએટ કરે છે. વિડિયો, ગ્રાફિક્સ, મિમ, GIF વગેરે પ્રકારનું કન્ટેન્ટ ભાજપનો વોર રૂમ તૈયાર કરે છે. સોશિયલ મીડિયાના ૧૫ પ્લેટફોર્મ ઉપર ભાજપ એક્ટિવ છે. વિદેશથી લઈને વોર્ડ સુધી સોશિયલ મીડિયામાં કાર્યકરોની નિમણૂક કરાઈ છે. ભાજપ ઓછા ઈન્ટરનેટ ડેટામાં મતદાર સુધી કન્ટેન્ટ પહોચે તેની કાળજી રાખવામાં આવે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા વિકાસ કાર્યોને લઈ દેશભરમાં તેઓની લોકચાહના વધી છે.હાલ લોકસભાની ચૂંટણી તારીખ જાહેર થઈ ચૂકી છે, ત્યારે પીએમ મોદીને આ વખતની ચૂંટણીમાં જીતાડવા સુરતના એક કાપડ વેપારીએ અનોખો ચૂંટણી પ્રચાર અને જાગૃતતા ફેલાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. સુરતના રિંગ રોડ ખાતે આવેલ માર્કેટના વેપારી દ્વારા ઉત્તર ભારતમાંથી આવતા સાડીના ઓર્ડરોની સાથે બોક્સ પેકિંગમાં મોદી ખેસ મોકલવામાં આવી રહ્યો છે. જે દરેક સાડીના બોક્સમાં "અબકી બાર ૪૦૦ કે પાર, મેં હું મોદી કા પરિવાર અને ફિર એક બાર મોદી સરકાર"લખેલા સ્લોગન સાથેના ખેસ અલગ અલગ રાજ્યોમાં મોકલવામાં આવી રહ્યા છે.મળતી માહિતી મુજબ સુરતના રીંગરોડ ખાતે આવેલી રઘુકુલ ટેક્સટાઈલ માર્કેટમાં ગોવિંદ ગુપ્તા નામના વેપારીને ઉત્તર ભારતમાંથી સાડીના હાલ મોટા ઓર્ડરો મળી રહ્યા છે.જે ઓર્ડર પુરા કરવાની સાથે આ વેપારી દ્વારા પીએમ મોદીને જીતાડવા માટે અનોખો પ્રચાર અને વેપારીઓમાં જાગૃતતા ફેલાવવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ચીફ જસ્ટિસને ૬૦૦ વકીલોના પત્ર મુદ્દે મોદીના પ્રહાર

# ડરાવવું અને ધમકાવવું એ કોંગ્રેસની સંસ્કૃતિ છે : મોદી

### ૧૪૦ કરોડ ભારતીયો કોંગ્રેસ પાર્ટીને નકારી રહ્યા છે : મોદી

નવી દિલ્હી, તા.૨૮

દેશભરના ૬૦૦ વકીલોએ ઝ્રત્નૈંને પત્ર લખ્યો છે, આ પત્રને ટાંકીને પીએમ મોદીએ કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, બીજાને ડરાવવાની કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે, તેથી જ ૧૪૦ કરોડ ભારતીયો કોંગ્રેસ પાર્ટીને નકારી રહ્યા છે..

વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે સહિત દેશભરના ૬૦૦થી વધુ વકીલોએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડને પત્ર લખીને ન્યાયપાલિકા પર સવાલ ઉઠાવવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. વકીલોએ આ પત્રમાં લખ્યું છે કે, એક ગ્રુપ ન્યાયિક ચુકાદાને પ્રભાવિત કરવા માટે દબાણની રણનીતિ અપનાવી રહ્યું છે. તે ખાસ કરીને રાજનીતિક હસ્તીઓ અને ભ્રષ્ટાચારો સાથે સબંધિત મામલે વધુ જોવા મળી રહ્યું છે. તેમનો તર્ક છે કે, આ કાર્યવાહીઓ લોકતાંત્રિક માળખા અને ન્યાયિક પ્રક્રિયામાં રાખવામાં આવેલા ભરોસા માટે ખતરો ઊભો કરે છે. જેનાથી તેઓ ચિંતિત છે.

પત્ર લખનારાઓમાં વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે, પિંકી આનંદ, મનન કુમાર મિશ્રા, હિતેશ જૈન જેવા જાણીતા વકીલોનો સમાવેશ થાય છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયતંત્રની સંપ્રભુતા અને સ્વાયત્તતા પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દેશભરના જાણીતા વકીલોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડને પત્ર લખ્યો છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને આડે હાથ લીધી છે. તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પત્રની કોપી રીપોસ્ટ કરી અને લખ્યું કે, 'બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે. લગભગ ૫૦ વર્ષ પહેલા કોંગ્રેસે બેશરમપણે પોતાના હિતોને દુનિયા સમક્ષ મૂક્યા હતા. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી કોઈ પણ રીતે દેશને પ્રતિબદ્ધ કરવા માંગતી નથી.' પીએમ મોદીએ પોતાની એક્સ પોસ્ટમાં લખ્યું છે કે, પાંચ દાયકા પહેલા કોંગ્રેસ પાર્ટીએ કમિટેડ જ્યુડિશિયરી માટે હાકલ કરી હતી.

તેમણે કહ્યું કે, કોંગ્રેસ બેશરમપણે પોતાના સ્વાર્થ માટે અન્ય લોકો પાસેથી પ્રતિબદ્ધતા માંગે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી રાષ્ટ્ર પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતાને ટાળે છે. વડાપ્રધાને કહ્યું કે હવે ૧૪૦ કરોડ ભારતીયો તેમને નકારી રહ્યા છે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

### સ્ટાર પ્રચારકોની યાદીમાં મળ્યું સ્થાન

# મોદી-શાહની જોડી ભાજપ ઉપરાંત બીજી પાર્ટી માટે પણ કરશે પ્રચાર

### શિવસેના પાર્ટીએ સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનું નામ પણ સામેલ કર્યું છે

મુંબઈ, તા.૨૮

લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ સહિત ઘણા પક્ષોએ પોતાના ઉમેદવાર જાહેર કરવાની કામગીરી સાથે સ્ટાર પ્રચારકની પણ યાદી જાહેર કરવાનું શરૂ કરી દીધું છે, ત્યારે શિવસેનાએ પણ ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. શિવસેનાની યાદીમાં કેટલાક એવા નામો છે, જેમણે આજ સુધી શિવસેના માટે ચૂંટણી પ્રચાર કર્યો નથી. વાસ્તવમાં પાર્ટીએ સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનું નામ પણ સામેલ કર્યું છે. જ્યારે યાદીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારનું પણ નામ સામેલ છે.

વર્ષ ૨૦૨૨માં એકનાથ શિંદે સહિતના નેતાઓએ બળવો કર્યા બાદ શિવસેના જૂથના બે ભાગલા પડી ગયા હતા. ત્યારબાદ તેમણે ભાજપ સાથે ગઠબંધન કરી રાજ્યના મુખ્યમંત્રી બન્યા બાદ શિવસેનાના ચિન્હ પર દાવો ઠોક્યો હતો, જેમાં સુપ્રીમ કોર્ટે એકનાથ શિંદે જૂથને અસીલ શિવસેના જાહેર કર્યા છે. ત્યાબાદ ઉદ્ધવ જૂથની શિવસેનાએ પક્ષનું નામ બદલી શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) રાખવું પડ્યું હતું.

અગાઉ બુધવારે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી)એ લોકસભા ચૂંટણી માટેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પક્ષના નેતા સંજય રાઉતે કુલ ૧૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. મુંબઈ દક્ષિણ મધ્ય લોકસભા બેઠક પરથી અનિલ દેસાઈને ટિકિટ અપાઈ છે. આ ઉપરાંત મુંબઈ દક્ષિણથી અરવિંદ સાવંતને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રની ૪૮ લોકસભા બેઠકો માટે ૧૯ એપ્રિલથી પાંચ તબક્કામાં ચૂંટણી શરૂ થશે.

### ભાગેડું નીરવ મોદીને ફરી ઝટકો

# નીરવ મોદીનો લંડનનો આલીશાન બંગલો વેચાશે, કોર્ટે કિંમત નક્કી કરી

### નીરવ મોદી PNB કૌભાંડનો માસ્ટરમાઇન્ડ છે, તેણે વર્ષ ૨૦૧૮માં બેંક પાસેથી ૧૪ હજાર કરોડની લોન લીધી હતી

લંડન, તા.૨૮

કોર્ટે પીએનબી કૌભાંડના આરોપી ભાગેડુ નીરવ મોદીનો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે કહ્યું કે આ બંગલો ૫.૨૫ મિલિયન બ્રિટિશ પાઉન્ડ (લગભગ ૫૫ કરોડ રૂપિયા)થી ઓછી કિંમતમાં વેચી શકાય નહીં. નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે ૨૦૧૭માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો.નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે. આ કેસમાં ED તરફથી હાજર થયેલા બેરિસ્ટર હરીશ સાલ્વે હાજર થયા હતા. જ્યારે નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ હોવાથી ઓનલાઈન જોડાયેલો હતો. સિંગાપોરની એક કંપની ટ્રાઈડેન્ટ ટ્રસ્ટ પણ આ કેસમાં દાવેદાર છે. આ કંપનીએ ૧૦૩ મેરેથોન હાઉસ વેચવાની પણ માંગ કરી હતી. બીજી તરફ, EDની દલીલ એવી છે કે આ બંગલો વેચ્યા બાદ મળેલી રકમનો ઉપયોગ પંજાબ નેશનલ બેંકની લોન ચૂકવવા માટે થવો જોઈએ કારણ કે ટ્રસ્ટની મિલકત પંજાબ નેશનલ બેંકમાં મોટા પાયે છેતરપિંડીથી થયેલી આવકમાંથી ખરીદવામાં આવી છે.

નીરવ મોદી પીએનબી કૌભાંડનો માસ્ટરમાઈન્ડ અને મની લોન્ડરિંગ કેસનો મુખ્ય આરોપી છે. આ ઉપરાંત તેની વિરુદ્ધ ED અને CBIએ ઘણા કેસ દાખલ કર્યા છે. તેમજ નીરવ મોદીને દિલ્હી લાવવાના પ્રયત્ન પણ કરી રહી છે. તેણે પંજાબ નેશનલ બેંકમાંથી વર્ષ ૨૦૧૮માં રૂ. ૧૪ હજાર કરોડની લોન લીધી હતી અને તે ચૂકવ્યા વગર જ તે બ્રિટન ભાગી ગયો હતો. ત્યારબાદ બેંકે તેના વિરુદ્ધ છેતરપિંડીનો કેસ કર્યો હતો. વર્ષ ૨૦૧૯માં તેની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૨૧ માં બ્રિટનના તત્કાલીન ગૃહ પ્રધાન પ્રીતિ પટેલે કેસમાં નીરવ મોદીના પ્રત્યાર્પણનો આદેશ આપ્યો હતો. ૨૦૨૨માં નીરવ મોદી પણ સુપ્રીમ કોર્ટમાં કેસ હારી ગયો હતો. આ મામલો હાલમાં લંડન હાઈકોર્ટમાં છે.

### ચલણી નોટો પર સૂતા અસમના નેતાનો મામલો

# બાસુમતારી હવે પાર્ટીથી જોડાયેલા નથી : યુપીપીએલ

### યુપીપીએલના પ્રમુખ અને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલના મુખ્ય કાર્યકારી સભ્ય પ્રમોદ બોરોએ એક સ્પષ્ટતા કરી હતી

નવી દિલ્હી, તા.૨૮

સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થઈ રહી છે, જેમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ ૫૦૦ રૂપિયાની નોટો પર સૂતેલો છે. જાણકારી પ્રમાણે આ વ્યક્તિ અસમનો એક રાજનેતા છે. તે અસમના ઉદાલગિરી જિલ્લાના ભૈરાગુડીમાં ગ્રામ પરિષદ વિકાસ સમિતિનો અધ્યક્ષ છે. તેનું નામ બેન્ઝામિન બસુમતારી છે, જે ૫૦૦ની નોટો પર આરામ કરી રહ્યો છે. તસવીરમાં જોઈ શકાય છે કે બેડની આસપાસ નોટો પડી છે. સૂત્રો અનુસાર બેન્ઝામિન બસુમતારી જે અસમ અંતર્ગત સ્થિત સ્વાયત્ત પ્રદેશ બોડોલેન્ડના એક નેતા છે. તે પ્રધાનમંત્રી આવાસ યોજના અને ગ્રામીણ રોજગાર યોજનાથી જોડાયેલા મોટા પાયા પર ભ્રષ્ટાચારના મામલાનો આરોપી છે. સૂત્રોએ કહ્યું કે બેન્ઝામિન પર કથિત રીતે ઓડાલગુરી વિકાસ ક્ષેત્રમાં પોતાના વીસીડીસી હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના અને મનરેગા યોજનાઓના ગરીબ લાભાર્થીઓ પાસેથી લાંચ લેવાનો આરોપ લાગ્યો હતો.આ તસવીરે સોશિયલ મીડિયા પર વિવાદ ઉભો કરી દીધો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સવાલ ઉભા થવા લાગ્યા છે કે તે બોડોલેન્ડ સ્થિત યુનાઈટેડ પીપુલ્સ પાર્ટી લિબરલ (યુપીપીએલ) નો સભ્ય છે, જે ભ્રષ્ટાચાર વિરોધી વલણ માટે જાણીતી છે. આ તસવીર વાયરલ થયા બાદ યુપીપીએલના પ્રમુખ અને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલના મુખ્ય કાર્યકારી સભ્ય પ્રમોદ બોરોએ આજે એક સ્પષ્ટતા કરી હતી, જેમાં કહેવામાં આવ્યું કે બાસુમતારી હવે પાર્ટીથી જોડાયેલા નથી. પ્રમોદ બોરોએ કહ્યું કે બેન્ઝામિન બાસુમતારીની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અમે સ્પષ્ટ કરવા ઈચ્છીએ છીએ કે તે હવે યુપીપીએલ સાથે જોડાયેલ નથી. તેમણે કહ્યું કે ૫ જાન્યુઆરી ૨૦૨૪ના હરિસિંઘા બ્લોક સમિતિથી યુપીપીએલને પત્ર મળ્યો હતો. તેવામાં તેની વિરુદ્ધ અનુશાસનાત્મક કાર્યવાહી કરવામાં આવી અને તેને ૧૦ જાન્યુઆરી ૨૦૨૪ના પાર્ટીએ સસ્પેન્ડ કરી દીધા હતા. પાર્ટીએ આગળ સ્પષ્ટ કર્યું કે વાયરલ તસવીર પાંચ વર્ષ પહેલા બાસુમતારીના મિત્રો દ્વારા લેવામાં આવી હતી, જ્યારે તે પાર્ટી કરી રહ્યાં હતા. યુપીપીએલે કહ્યું કે આ તસવીરની સાથે બાસુમતારીને બ્લેકમેલ કરવામાં આવ્યા હતા. અને કહ્યું કે ફોટોમાં રહેલી નોટો બેન્ઝામિન બાસુમતારીની બહેનની હતી.

# બાબાપુર ખાતે ડીડીઓનાં અધ્યક્ષ સ્થાને મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો



સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (એસવીઈઈપી) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાનઅંગેનીજાગૃત્તિપ્રસરાવવાના હેતુથીઅમરેલીજિલ્લાચૂંટણીતંત્રદ્વારા અમરેલીના બાબાપુર સ્થિત સર્વોદય સંસ્થા ખાતે ખર્ચ અને ટીઆઈપી નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં 'મતદાન જાગૃત્તિ' કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાનપ્રક્રિયામાં જોડાય તે માટે યોજાયેલા આ જાગૃત્તિ કાર્યક્રમમાં ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ જણાવ્યુ કે, લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં કેટલાક બુથ પર મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. કેટલાક બુથ પર ૫૦ ટકાથી ઓછું મતદાન હતું ત્યારે આ લોકસભા સામાન્ય ચૂંટણીમાં દરેક બુથ પર મહિલા અને પુઢષ મતદારોનું મતદાન સમાન ટકાવારીમાં થાય અને તમામ બુથ પર વધુમાં વધુ વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચના નિર્દેશ મુજબ ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તમણે ઉમેર્યુ કે, વિદ્યાર્થીઓ મતદાર જાગૃત્તિ કાર્યક્રમના એમ્બેસેડર બની સો ટકા મતદાન થાય તે માટે જાગૃત્તિ પ્રસરાવે. પોતાના પરિવાર ખાસ કરીને પરિવારના મહિલાઓ પણ અવશ્ય મતદાન કરે તે વિદ્યાર્થીઓ સુનિશ્ચિત કરે. જે વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે પરંતુ મતદાર તરીકે નોંધણી કરાવી નથી તે ફોર્મ નં. ૦૬ ભરીને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવી શકે છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા સરળતાથી થઈ શકે તે માટે પાણી, ઓ.આર. એસ.નો જથ્થો તેમજ દિવ્યાંગો માટે વ્હીલચેર સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે વ્યવસ્થા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવશે. જે વરિષ્ઠ મતદારોની ઉંમર ૮૫ વર્ષથી વધુ છે તેમના માટે ઘરેથી પોસ્ટલ બેલેટ દ્વારા પણ મતદાન થઈ શકે તે માટે પ્રક્રિયાઓ પણ ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. મતદાન જાગૃત્તિ અંગે ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મોનું નિદર્શન પણ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હતા. આ તકે મતદાન જાગૃત્તિ સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું કાર્યક્રમના પ્રારંભે સંસ્થાની પી.ટી.સી. કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓ –વિદ્યાર્થિનિઓએ મતદાન જાગૃત્તિનું મહત્વ સમજાવતી વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, અમરેલી તાલુકા વિકાસ અધિકારી, સહિત જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ, સંસ્થાના વિદ્યાર્થીઓ, યુવા મતદારો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **લીલીયામોટા : ચેક રીટર્ન કેસમાં**

કેસ ચાલી જતા અને એડવોકેટની ધારદાર દલીલો ગ્રાહય રાખી અદાલત દ્વારા રસીકભાઈ રણછોડભાઈ આખજા રે. લોકી, તા. લીલીયાને બે વર્ષની સજા કરવામા આવેલ અને ચેકની રકમ રૂા. ૨,૪૯,૭૪૭/– તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. સજા ભોગગવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આરોપીઓ અદાલતમાં ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજા વોરન્ટ ઈસ્યુ કરી ધરપકડ કરી જેલહવાલે કરવા આદેશ કરવામા આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

**સાવરકુંડલાનાં મોલડી ગામે**

પશુપાલકો અન્ય લોકોને પોતાના પશુઓને ચરાવવા માટે મુશ્કેલ બની ગયું છે. ખરેખર તો દરેક ગામડામાં આવી સરકારી ગૌચરની જમીન માત્રને માત્ર પશુ માટે અને ગામના માલધારી સમાજના પશુઓને ચરાવવા માટે જ હોય છે. તત્કાલ મોલડી ગામમાં સર્વે કરાવી જે ગૌચરની જમીન દબાણ હેઠળ હોય તેને તાત્કાલીક ખાલી કરાવી અને જે વ્યકિતઓએ ગૌચરની જમીનનું દબાણ કરેલ હોય તેની સામે ફોજદારી તથા કડકમાં કડક કાર્યવાહી કરવા ગ્રામજનો ધ્વારા માંગ કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં સાંસદ કાછડીયાની ટિકિટ**

સત્યની હંમેશા જીત થશે....'

બીજી એક પોસ્ટમાં 'કોઈ તમારા સાથે કપટ કરે તો પણ હસતા રહેશો' તેવી પોસ્ટ પણ વાયરલ કરી છે. ત્યારે હાલના ચૂંટણીલક્ષી રાજકીય માહોલ વચ્ચે કાછડીયાનો કોના તરફ ઈશારો છે તે પણ હાલ અમરેલી જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે.

ત્યારે સાંસદની સત્ય, અસત્યની વાત અંગેનો કોના તરફ ઈશારો કરે છે તેને લઈને પણ ભારે ચર્ચાઓ જાગી છે. લોકસભાની ચૂંટણીનો ગરમાવો ચાલી રહયો છે ત્યારે સોશ્યલ મીડિયાની એકએક પોસ્ટ આજકાલ રાજકારણમાં ખુબ જ મહત્વની બનતી હોય છે. ત્યારે ભાજપના નેતાની સોશ્યલ મીડિયામાં મુકેલ એક પોસ્ટથી અમરેલી જિલ્લાના રાજકારણમાં ચર્ચા જાગી છે. ત્યારે હાલમાં જ તેમની સાંસદની ટીકીટ કપાયા બાદ આ પોસ્ટને લઈને અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

### ન્યાય સમિતિનાં ચેરમેનની માંગ

## લીલીયામોટા વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત કામગીરી શરૂ કરો

### તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

લીલીયા, તા. ૨૮



લીલીયા તાલુકાનાં ગામડાઓ તથા લીલીયા ગામે જિલ્લાનાં અતિ પછાત વિસ્તારમાં આવતા ગામો તથા તાલુકો છે. લીલીયા તાલુકામાં પાણી તથા સિંચાઈનો મોટો પ્રશ્ન છે તેથી મજૂર વર્ગને છૂટક મજૂરી સીઝનેબલ પ્રમાણે મળતી ન હોય, ઉનાળાના ૪ મહિના લીલીયા તથા લીલીયા તાલુકાનાં ગામડાઓનાં મજૂરોને તેમનું ગુજરાન ચલાવવું બહુ મુશ્કેલ પડે છે.

લીલીયા ગામે તથા લીલીયા તાલુકાનાં ગામડાઓમાં મનરેગા/નરેગા શાખામાંથી તાત્કાલીક ધોરણે મજૂરોને મળતી ૯૦ દિવસની રોજીમાંથી રાહતકામ ચાલું કરવા માંગ થઈ છે.

લીલીયા તાલુકાનાં ગામડાઓમાં તાત્કાલીક રાહતકામ ચાલું કરવાની જરૂરિયાત છે. તેમ સમાજિક ન્યાય સમિતિનાં ચેરમેન શ્વેતાબેન હેલૈયાએ ટીડીઓને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમી**

પર ટોપી, આંખે ચશ્મા અને માથા પર તડકો ના લાગે તે રીતે છત્રીનો ઉપયોગ કરવો, ભીના સુતરાઉ કપડાથી માથું ઢાંકી રાખવું, જરૂર જણાય તો ભીના કપડાથી શરીરને અવારનવાર લૂછવાની આદત કેળવવી, સૂર્ય પ્રકાશ સીધો આવે તેવું હોય તો તેનાથી બચવું અને દિવસ દરમિયાન ઝાડ નીચે, ઠંડક અને છાયા વાળા સ્થળમાં રહેવું, દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબુ શરબત, નાળીયેરનું પાણી, ઓ.આર.એસ. વગેરે પીવાની આદત કેળવવી, નાના બાળકો, સગર્ભા માતા, વૃધ્ધો અને અશકત, બીમાર વ્યકિતઓએ તડકામાં વિશેષ કાળજી રાખવી જરૂરી છે, ગરમીમાં બજારમાં મળતો ખુલ્લા વાસી ખોરાક ખાવા નહિ, સામાજિક પ્રસંગો હોય ત્યારે દૂધ, માવામાંથી બનાવવામાં આવેલા ખાદ્યપદાર્થો ખુલ્લા કે વધુ સમય પડતર રહ્યા હોય તો તે ખાવા નહિ, ગરમીની ઋતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું, ચા – કોફી, તમાકુ – સિગરેટ સહિતના ઉત્પાદનોના સેવનથી લુ લાગવાની શકયતા વધે છે તેથી તેનું સેવન ટાળવું, માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર આવવા, ઉબકા કે તાવ આવે તો તરત જ નજીકના આયુષમાન આરોગ્ય મંદિર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દવાખાનાનો સંપર્ક કરવા અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને એપેડેમિક મેડિકલ અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

## બગસરામાં બારોટ પરિવારનું ગૌરવ વધારતી દીકરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૮

બગસરા માં ધાણક કોલેજમાં અભ્યાસ કરતી હિરલબેન અશોકભાઈ બારોટ નામની દીકરી એ ટી.વાય.બી.એ. માં ગુજરાતી વિષય માં ડબલ ગોલ્ડ મેડલ મેળવી બારોટ પરિવારનું ગૌરવ વધાર્યુ હતું આ દીકરી એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે ૫૮ માં દીક્ષાંત સમારોહમાં કાનજી ભુટા બારોટ રંગમંચ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે મહામુની રાજયપાલના તેમજ શિક્ષણ મંત્રી ના વરદ હસ્તે ગોલ્ડ મેડલ મેળવી ધાણક કોલેજ તેમજ બારોટ પરિવારનું ગૌરવ વધાર્યુ હતુ જયારે આ દીકરી એ બગસરા ધાણક કોલેજ ખાતે પણ ગોલ્ડ મેડલ મેળવી બહોળી સિધ્ધિ પ્રાપ્ત કરી હતી જયારે હાલમાં આ દીકરી વધુ અભ્યાસ માટે રાજકોટ ખાતે એડમિશન લઈ વધુ ઉચ્ચકક્ષાએ પદવી પ્રાપ્ત કરવા તેમજ બારોટ પરિવારનું ગૌરવ વધારવા માટે અભ્યાસ કરવા ગયેલી છે.


**સંકુલ ધો. ૬ થી ૧૨ કુમાર શાળા – નવા પ્રવેશ ચાલુ**

**ગયા વર્ષ થી – ગુજરાતી મિડીયમ – નવી કુમાર શાળા ચાલુ**

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| ધો. ૬ થી ૮ કુમાર | ૨૯૦૦ | ધો. ૧૧–૧૨ કોમર્સ કુમાર | ૪૩૦૦ |
| ધો. ૯–૧૦ કુમાર | ૩૫૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ કુમાર | ૧૨૨૦૦ |

★ સીટી – અપડાઉન – બોર્ડીંગ સ્ટુડન્ટ્સને પ્રવેશ – રૂમ રાખનારને નહી.

★ બાયપાસ ગેઈટ – CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ – બપોરની શીફટ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 144


## લાલાવદર પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી થઈ



અમરેલી, તા. ૨૮

લાલાવદર પ્રાથમિક શાળામાં ''સંકલ્પ'' વાર્ષિકોત્સવ, ધોરણ–૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને આચાર્ય દ્વારા શાળાના વિશિષ્ટ પ્રતિભાશાળી શિક્ષકોનું અદકેરું સન્માન આ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. દાતા મુકેશભાઈ ધામેલીયા તરફથી ભરપેટ ભોજન જમાડયુ અને દરેક બાળકોને સ્પોર્ટસ બુટ અને મોજા આપવામાં આવ્યાં. પધારેલ મહેમાનો દ્વારા વિદાય લેતાં તમામ બાળમિત્રોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ તકે દાતા મુકેશભાઈ ધામેલીયા, દિનેશભાઈ ધાનાણી, ચેતનભાઈ ધાનાણી, બાલુભાઈ માતરીયા, દિનેશભાઈ માતરીયા, શાળા એસ.એમ.સી. કમિટીના સભ્યો, નામી અનામી પ્રતિષ્ઠિત આગેવાનો, ગ્રામજનો અને વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષક સુરેશભાઈ રાઠોડ, અજયભાઈ સોજીત્રા, કામિનીબહેન મહેતા, કંચનબેન બાવીશી, ગીતાબેન ગજેરા, કૃણાલભાઈ ભટ્ટ આ કાર્યક્રમ રૂપરેખા તૈયાર કરાવી હતી. આ તકે આચાર્ય રાજેશભાઈ પડસાળા સૌનૌ હૃદયસ્થ આભારની લાગણી વ્યકત કરી.

પાના ૧ ઉપરનું ચાલું **ઢગાને ૨૫ વર્ષની કેદની સજા**

પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ હતી. આ અંગેનો કેસ ધારી ખાતે આવેલ સ્પે. પોકસો અને બીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં એડી. પી.પી. વિકાસભાઈ વડેરાની દલીલો કોર્ટે માન્ય રાખી આરોપીને ૨૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫.૫૦ લાખના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષ ૬ માસની ઉંમર ધરાવતી એક તરૂણીને ગત તા. ૧૦/૧૦/૧૭નાં રોજ ખાંભા તાલુકાનાં તાલડા ગામે રહેતા આરોપી પશશોતમ ભગવાનભાઈ સરવૈયા નામનાં ૪૨ વર્ષનો આધેડ લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે પોતાના બાઈક ઉપર ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હતો અને તેણી સાથે અલગ અલગ જગ્યાએ અને અવારનવાર શરીર સંબંધ બાંધી તરૂણીને ગર્ભ રાખી દીધેલ હતો. આ બનાવ અંગે જે તે સમયે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ ધારી ખાતે આવેલ સ્પે. પોકસો અને બીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતા એડી. પી.પી. વિકાસભાઈ વડેરાની દલીલો કોર્ટે માન્ય રાખી સ્પે. જજ એમ.એન. શેખ ધ્વારા આરોપી પરશોતમ ભગવાનભાઈ સરવૈયાને આઈપીસી ૩૭૬ તથા પોકસો કલમ ૬ નીચે ૨૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫ લાખનો દંડ તો પોકસો કલમ ૪ નીચે આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫૦ હજારનાં દંડની સજાનો હુકમ કર્યો હતો. આ બનાવમાં ધી ગુજરાત વીકટીમ કમ્પેનસેશન સ્કીમ ૨૦૧૯ સાથે વાંચતા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફોર્મ સેકસ્યુઅલ ઓફેન્સ રૂલ્સ ૨૦૨૦નાં નિયમ–૯(૨) મુજબ રૂપિયા ૫ લાખ વચગાળાનાં વળતર સહિત આ કામના ભોગ બનનારને વળતર ચુકવવા હુકમ કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં શાકમાર્કેટ નજીક**

કરવા માટે અવર–જવર કરવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ઘણો બધો સમય આ ટ્રાફિકમાં સલવાઈ જતા સમયનો વ્યય થાય છે .

વાહનો આડેધડ પાર્કિંગ થાય છે કોઈ કહેવાવાળું જ છે નહી અને લોકોને આ ટ્રાફિક સમસ્યા માંથી કોણ કાઢશે તેવો સવાલ લોક મુખ્ય ચર્ચાઈ રહ્યો છે ડીવાયએસપી સોલંકી ટ્રેનિંગમાં જતા જ જાણે ડેલાને તાળા ખૂલી ગયા હોય તેમ બે ફિકરથી વાહનો ચલાવે છે આડેધડ એક કિલો ખાંડ લેવી હોય તો પણ મન ફાવે ત્યાં વાહનો મૂકી અને જતા રહે છે શાક માર્કેટમાં પણ આ જ પોઝીશન છે પોલીસના લોક દરબારમાં આમંત્રિત રાજકીય નેતાઓ તથા આગેવાનોને પોલીસ દ્વારા પૂછવામાં આવે કે બગસરામાં કાંઈ પ્રશ્ન છે તો લોકો એક જ વાત કરે છે કે બગસરામાં ટ્રાફિકની સમસ્યા બહુ છે પણ હલ કરવા કોઈ આવતું નથી પરંતુ જયારે લોક દરબાર બોલાવવામાં આવે છે ત્યારે પાંચ ૧૫ દિવસ આ ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પીએસઆઈ અથવા પોલીસ સ્ટાફ નીકળે છે. પરંતુ પાંચ પંદર દિવસ નીકળી ગયા બાદ ફરી શાક માર્કેટ તથા સુજલ હોસ્પિટલ પાસે ફરી પરિસ્થિતિ આવી જ ઊભી થાય છે.

લોક દરબારમાં પણ આગેવાનોએ અનેક વાર રજૂઆત કરી છે પરંતુ પરિસ્થિતિ આજ આવીને ઊભી રહે છે આ બાબતે બગસરા માં આ સમસ્યા દૂર કરવા માટે પોલીસ આળસ મરડે તો આ સમસ્યા દૂર થાય તેમ છે.

# અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લા કક્ષાના સહકારી સેમિનારનું આયોજન કરાયું



અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જિલ્લા સહકારી સંઘ ધ્વારા અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયાની અધ્યક્ષતામાં તા. ૨૮/૩/૨૪ના રોજ અમરેલી ગાયત્રી મંદિર ખાતે જિલ્લા કક્ષાનો સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી શહેર ભાજપ અધ્યક્ષ ભાવેશભાઈ સોઢા, અમરેલી નગરપાલિકા અધ્યક્ષ બિપિનભાઈ લીંબાણી, અમરેલી નગર શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોષી મુખ્ય મેહમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના સેવા, શરાફી મંડળીના મંત્રી મેનેજર, સભાસદ અને ડાયરેકટરો એમ કુલ મળીને ૧૨૫ જેટલાં સહકારી અગ્રાણીઓએ ભાગ લીધો હતો. જયારે સાગર ગોઢેદ્રા, પ્રતીકભાઈ રામાણી અને જતીનભાઈ માલાણી ધ્વારા તજજ્ઞો વક્તા તરીકે સેવા આપી હતી. જેમાં નેનો યુરિયા, ડી.એ.પી. અને ખેત પેદાશો વિવિધ ખાતરો વિષે માહિતી આપવામાં આવી હતી. જયારે યુવા નેતા મનીષ સંઘાણી ધ્વારા સહકારી ગતીવિધિ અને સૌ સાથે મળી સહકારને આગળ વધારવા માટે હાકલ કરી હતી. ત્યારે અધ્યક્ષ સ્થાનેથી અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા ધ્વારા સૌ સહિયારા પ્રયાસથી આગળ વધારવા યુવા નેતા મનીષ સંઘાણી ધ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા. જયારે આ સેમિનારમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અમરેલી જિલ્લા સહકારી સંઘના એકઝીકયુટીવ ભાર્ગવ ત્રિવેદી ધ્વારા કરવમાં આવેલ જયારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા સહકારી સંઘના જીતુભાઈ ભડોદરિયા, રૂપલ સીસણાદા, ગોપેશ ગજેરા, ભીખુભાઈ ડાભી, સાગર મહેતા ધ્વારા ભારે જહમત ઉઠાવી હતી.

રાજા-મહારાજાઓ પર રૂપાલાએ કરેલી ટીપ્પણીનો વિવાદ

# રાજપૂત સમાજ હવે આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં

## પરશોત્તમ રૂપાલાના વિરોધમાં અમદાવાદમાં ક્ષત્રિય સમાજની એક બેઠક યોજાઈ જેમાં અનેક મહત્વના ઠરાવ કરવામાં આવ્યા

રાજકોટ, તા.૨૮

રાજકોટ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા સામે વિરોધનો વંટોળ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. રાજા-મહારાજાઓ પર રૂપાલાએ કરેલી ટીપ્પણીને કારણે ગુજરાતના ક્ષત્રિયોએ તલવાર તાણી દીધી છે. રાજપૂત સમાજ હવે આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં છે. રૂપાલાએ માગેલી માફી પણ તેમને માફક નથી આવી રહી. ગામે ગામ ક્ષત્રિયોના સંમેલનો મળી રહ્યા છે. આવેદનો અપાઈ રહ્યા છે. અમદાવાદમાં પણ ક્ષત્રિય સમાજની એક મોટી બેઠક મળી જેમાં એક મોટું એલાન કરવામાં આવ્યું છે.દેશની આઝાદી હોય કે પછી સનાતન ધર્મ...હિન્દુત્વ અને હિન્દુસ્તાન માટે જેમણે પોતાના લોહી રેડ્યા...મા ભોમ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું અને જરૂર પડી ત્યારે કેસરિયા પણ કર્યા. તલવારની ધાર પર જેમણે સનાતનીઓનું રક્ષણ કર્યું, તે ક્ષત્રિયોનો ઈતિહાસ શૌર્ય અને બલિદાનથી ભરેલો છે. આવા વીર સપૂત ક્ષત્રિયોના જેટલા પણ ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે. પરંતુ રાજકોટ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિયોના ઈતિહાસ પર જે ટીપ્પણી કરી તેનાથી ચારેબાજુ રોષ જ રોષ છે. કદાચ રૂપાલાનો ઈરાદો ક્ષત્રિયોને નીચે દેખાડવાનો નહતો. પરંતુ તેમના શબ્દોથી ગુજરાતનો રાજપૂત સમાજ આજે આક્રોશિત છે. એટલો આક્રોશિત છે કે ગામે ગામ સંમેલનો થઈ રહ્યા છે, વિરોધમાં રેલીઓ નીકળી રહી છે. ક્ષત્રિયો હવે આરપારની લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. પરશોત્તમ રૂપાલાના વિરોધમાં અમદાવાદમાં ક્ષત્રિય સમાજની એક બેઠક યોજાઈ હતી. જેમાં અનેક મહત્વના ઠરાવ કરવામાં આવ્યા. રાજપૂત સમાજે સ્પષ્ટ માગણી કરી છે કે રાજકોટથી રૂપાલાની ટિકિટ કેન્સલ કરવામાં આવે. રૂપાલાના સ્થાને બીજા કોઈને પણ ટિકિટ આપવામાં આવે. જો કે રાજપૂત સમાજે એવું પણ કહ્યું છે કે અમારો વિરોધ માત્ર પરશોત્તમ રૂપાલાનો છે. ભાજપ સાથે અમે જોડાયેલા છીએ અને રહેવાના. જો રૂપાલાને બદલવામાં નહીં આવે તો રાજકોટમાં ૨ લાખ ક્ષત્રિયોનું સંમેલન બોલાવવામાં આવશે. સાથે જ કાયદાકીય લડત આપવાની પણ તૈયારી કરી છે. ગુજરાતના ક્ષત્રિયોએ રૂપાલાએ કરેલી ટીપ્પણીને સમાજના અપમાન સાથે જોડી દીધી છે. જેના કારણે વિરોધની આગ એટલી ભભૂકી ગઈ છે કે જો રૂપાલાને બદલવામાં નહીં આવે તો પરિણામ બદલવાની પણ ચીમકી આપી દીધી છે. ગુજરાતના રાજપૂતો આટલા રોષે ભરાયા કેમ ભરાયા છે?, રૂપાલા એવું તો શું બોલ્યા હતા કે જેના કારણે આટલો બધો વિવાદ થયો છે? તો રૂપાલાએ જે નિવેદન આપ્યું હતું તે અને ત્યારપછી તેમણે માગેલી માફી પણ સાંભળી લો..

રાજપૂત સમાજે રૂપાલાના નિવેદનને પોતાના પૂર્વજોના અપમાન સાથે જોડી લડી લેવાનો નિર્ધાર કર્યો છે. જેના કારણે પ્રદેશ ભાજપ પણ દોડતું થઈ ગયું છે. પ્રદેશ પ્રમુખ પાટીલે એક દિવસમાં સમગ્ર વિવાદનું નિરાકરણ થઈ જશે તેવું આશ્વાસન આપ્યું છે ત્યારે જોવાનું રહેશે કે આ સમગ્ર મુદ્દે આગળ શું થાય છે.

ચોરીની કાર વેચવાના કારસ્તાનનો પર્દાફાશ થયો

# બોટાદ LCBએ આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો

## દિલ્લી સહિત અન્ય રાજ્યોમાંથી કાર લાવીને સસ્તા ભાવે ગુજરાતમાં વેચી દેતો હતો

બોટાદ, તા.૨૮

બોટાદ LCBએ આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો છે. બોટાદના નાગલપરથી પોલીસે ૮ કાર સાથે આરોપીની ધરપકડ કરી છે. નાગલપરથી તુલસી ઠોળીયા નામનો શખ્સ અન્ય રાજ્યોમાંથી મોઘી કારોની ચોરી કરી વેપાર અર્થે લાવતા હોવાનું સામે આવ્યુ છે. દિલ્લી સહિત અન્ય રાજ્યોમાંથી કાર લાવીને સસ્તા ભાવે ગુજરાતમાં વેચી દેતો હતો. કેસમાં સુરતના બ્રિજેશ મોણપરા અને નાગલપરના રમેશ હાડગડાના નામ પણ ખુલ્યા છે. LCB પોલીસે ૮ કાર સહિત ૧.૨૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દિલ્હી સહિતના રાજ્યોમાંથી ચોરીની કાર ગુજરાતમાં વેચવાના કારસ્તાનનો પર્દાફાશ થયો છે. અન્ય રાજ્યોમાંથી ટોળકીઓ દ્વારા ચોરીની કારને સસ્તાભાવે ગુજરાતમાં પધરાવી દેવામાં આવતી હતી અને આ કાર સ્થાનિકો દ્વારા સસ્તાભાવે આપી દેવામાં આવતી હતી. બોટાદ LCB પોલીસે આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો છે.

આ રેકેટમાં અન્ય લોકોના નામ પણ પોલીસ તપાસમાં ખુલી શકે છે. બોટાદના નાગલપર ગામે LCB પોલીસને મળેલ બાતમીના આધારે રેડ કરતા નાગલપર ગામના તુલસીભાઈ કાનજીભાઈ ઠોળીયા નામના શખ્સ પાસેથી અલગ અલગ ૮ ચોરાઉ કાર મળી આવી હતી. પોલીસે વધુ તપાસ કરતા આ શખ્સ દિલ્હી તેમજ અન્ય રાજ્યોમાંથી ચોરાઉ કાર લાવી સસ્તા ભાવે વેચતા હોવાનું બહાર આવ્યું છે. LCB પોલીસે કારનો કબ્જો લઈને ૧.૨૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને બાતમી મળી હતી કે ફોર વ્હીલ એટલે કે મોઘી ગાડીઓ શંકાસ્પદ લાવે છે જેથી તેને ડિટેન કરતા પુછપરછ કરવામાં આવી હતી. પોલીસની તપાસમાં આઠ મોઘી ગાડીઓ કબજે લેવામાં આવી છે. ત્રણ ચોરીની ગાડીઓ અંગે જાન્યુઆરીમાં દિલ્હીમાં ગુના નોધાયેલા છે. બ્રીજેશનું નામ ખુલ્યુ છે તે સુરતનો રહેવાસી છે. અત્યારે પોલીસ દ્વારા ઝડપી લેવાયેલા આરોપીની પુછપરછ હાથ ધરી છે. કાર સંદર્ભની એક એપ જેમાં સ્કેપ ગાડીઓ ની વિગતો હોય છે તેના દ્વારા સ્કેપ થયેલી ગાડીની વિગતો મેળવી લેતા હતા અને ત્યારબાદ ચોરીની ગાડીઓના નકલી ડોક્યુમેન્ટ બનાવી ગ્રાહકોને સસ્તામાં વેચી દેતા હતા.

ગાંધીનગર મનપા બની કોંગ્રેસ મુક્ત

# કોંગ્રેસના બે કોર્પોરેટરે રાજીનામું આપતા ગાંધીનગર મહાપાલિકા કોંગ્રેસ મુક્ત બની

## આ ચૂંટણીમાં મહત્વની બેઠક ગાંધીનગરની છે : અમિત શાહ સામે કોંગ્રેસ પાર્ટીએ વધુ મહેનત કરવી પડી શકે છે

ગાંધીનગર, તા.૨૮

લોકસભા ચૂંટણી પહેલા સંગઠન ક્ષેત્રે કોંગ્રેસને એક બાદ એક નુકસાન થઈ રહ્યુ છે. કોંગ્રેસના બે કોર્પોરેટરે રાજીનામું આપતા ગાંધીનગર મહાપાલિકા કોંગ્રેસ મુક્ત બની છે. કોંગ્રેસના અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાશે. ગાંધીનગર કોર્પોરેટરમાં કોંગ્રેસના ફક્ત ૨ કોર્પોરેટર હતા. કોંગ્રેસના બન્ને કોર્પોરેટરના રાજીનામાથી મહાપાલિકા કોંગ્રેસમુક્ત બની છે. ગાંધીનગર લોકસભા બેઠક પરથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ભાજપે રીપીટ કર્યા છે. ત્યારે તેમને ૧૦ લાખ કરતા વધુ લીડથી જીતાડવા માટે સંગઠન દ્વારા મતદારો સુધી પહોચી રહ્યા છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ બીજેપી મજબુત બની રહી છે. મનપાની વાત કરીએ તો ગાંધીનગર મનપાની કુલ ૪૪ બેઠકોમાંથી ૪૧ ભાજપ પાસે છે. અને કોંગ્રેસ પાસે બે બેઠકો હતી. પરંતુ કોંગ્રેસના બે કોર્પોરેટર અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતા મનપા કોંગ્રેસ મુક્ત બની છે આ બંને કોર્પોરેટરો કેસરિયા કરી શકે છે. લોકસભા ચૂંટણીમાં બીજેપી દેશમાં ગઠબંધન સાથે ૪૦૦ પ્લસ બેઠકો જીતવા માગે છે. આ ટાર્ગેટને પાર પાડવામાં બીજેપી માટે ગુજરાત મહત્વનું રાજ્ય છે અને ગુજરાતની ૨૬ બેઠકો જીતે તો આસાનીથી આ ટાર્ગેટ પાર પડી શકે છે. એટલે લોકસભા ચુંટણી પહેલાથી બીજેપીનું પ્રદેશ અને રાષ્ટ્રીય નેતૃત્વ કામે લાગ્યુ હતું. અને કોંગ્રેસના નેતાઓને એક પછી એક ભરતી કરી ભાજપમાં ભેળવી દીધા છે. કોંગ્રેસના ધારાસભ્યોને પણ ભાજપમાં લઈ લીધા છે અને હવે ભાજપમાંથી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ટિકિટો પણ ફાળવી છે. આ લોકસભામાં ૨૬ બેઠકો જીતવાનો ટાર્ગેટ છે પરંતુ સૌથી વધુ મહત્વની ગાંધીનગર બેઠક છે.ગાંધીનગર બેઠક પરથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ચુંટણી લડી રહ્યા છે. અને કોંગ્રેસમાંથી મહિલા ઉમેદવાર સોનલબેન પટેલ ટક્કર આપવાના છે. અમિત શાહને વધુ લીડથી જીતાડવા માટે સંગઠન દ્વારા કામે લાગી ગયા છે. મતદારો સુધી પહોચી રહ્યા છે. ગુજરાતમાં ચૂંટણીની તારીખોની વાત કરીએ તો ૭ મેના રોજ મતદાન થશે. ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. આ ચૂંટણીમાં મહત્વની બેઠક ગાંધીનગરની છે. અમિત શાહ સામે કોંગ્રેસે વધુ મહેનત કરવી પડી શકે છે.આ બેઠક પર કોંગ્રેસનું સંગઠન પણ હવે એટલુ મજબુત રહ્યુ નથી પરંતુ કોંગ્રેસ લોકોની વચ્ચે જઈ મુદ્દા રજુ કરીશુની વાત કરી રહ્યુ છે. અલગ અલગ મુદ્દાઓને લઈને કોંગ્રેસ લોકો સુધી પહોંચી રહ્યા છે. આ બેઠકના ઉમેદવાર સોનલ પટેલ લાંબા સમયથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. તેઓ અગાઉ કોંગ્રેસ મહિલા પ્રમુખનું પદ સંભાળી ચુક્યા છે. તેમનું કાર્યક્ષેત્ર નારણપુરામાં રહેલુ છે.અત્યારે મહારાષ્ટ્રના પ્રભારી તરીકે સોનલ પટેલ કામ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પણ તેઓ લડી ચુક્યા છે.

મારી પાસે ચૂંટણી લડવાના રૂપિયા નથી : સીતારમણ

# નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભાની ચૂંટણી નહીં લડે

## નિર્મલા સીતારમણ પોતાના નિવેદનના કારણે ચર્ચામાં છે

નવી દિલ્હી, તા.૨૮

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભા ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) ઈચ્છતી હતી કે તે આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડે. નિર્મલા રાજ્યસભાના સાંસદ છે અને ભાજપે આ ચૂંટણીમાં ઘણા રાજ્યસભા સાંસદોને ટિકિટ આપી છે, જેમાં પીયૂષ ગોયલ, ભૂપેન્દ્ર યાદવ, રાજીવ ચંદ્રશેખર, જ્યોતિરાદિત્ય સિંધિયાનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું, એક અઠવાડિયા કે દસ દિવસ વિચાર્યા પછી, હું ફક્ત આ કહેવા માંગુ છું ... કદાચ નહીં. મારી પાસે ચૂંટણી લડવા માટે એટલા પૈસા નથી. મને પણ સમસ્યા છે કે તે આંધ્રપ્રદેશ હોય કે તામિલનાડુ. નાણામંત્રીએ કહ્યું, જીતવા માટે અલગ-અલગ માપદંડોનો સવાલ હશે. શું તમે આ સમુદાયના છો કે તમે તે ધર્મના છો. શું તમે આમાંથી છો. મેં કહ્યું ના, મને નથી લાગતું કે હું તે કરવા સક્ષમ છું.

નિર્મલા સીતારમણે વધુમાં કહ્યું કે હું ખૂબ જ આભારી છું કે મારી વાત સ્વીકારવામાં આવી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે ચૂંટણી લડવા માટે પૈસા કેમ નથી. તેના પર તેણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું અંગત ફંડ નથી. મારો દેશ, મારી કમાણી અને મારી બચત મારી છે. ભારતનું કોઈ કોન્સોલિડેટેડ ફંડ નથી.નિર્મલા સીતારમણે ચૂંટણી ન લડવાનું કારણ આપ્યું. હવે એ જાણવું અગત્યનું બની જશે કે દેશના નાણામંત્રીની સંપત્તિ કેટલી છે. સ્અદ્રીંદ્ગ વેબસાઈટ અનુસાર, નિર્મલા સીતારમણની કુલ સંપત્તિ ૨ કરોડ ૫૦ લાખ ૯૯ હજાર રૂપિયા અને ૩૯૬ રૂપિયા છે. તેની પાસે જંગમ અને સ્થાવર બંને મિલકત છે. નિર્મલા સીતારમણ પાસે ૩૧૫ ગ્રામ સોનું છે. તેની પાસે ૨ કિલો ચાંદી પણ છે. નિર્મલા પર ૩૦ લાખ રૂપિયાની જવાબદારી પણ છે. નિર્મલા સીતારમણ પાસે કોઈ કાર નથી. જોકે તેના નામે બજાજ ચેતક સ્કૂટર છે. તેની કિંમત ૨૮,૨૦૦ રૂપિયા છે. નિર્મલા સીતારમણ પાસે હૈદરાબાદ પાસે લગભગ ૧૬ લાખ રૂપિયાની બિનખેતી જમીન છે. તેમની સ્થાવર મિલકતની કિંમત ૧,૮૭,૬૦,૨૦૦ રૂપિયા છે. સીતારમણના નામે ૩૦ લાખ રૂપિયાની લોન પણ છે. રાજ્યસભા માટેના તેમના ચૂંટણી એફિડેવિટમાં તેમણે કહ્યું હતું કે તેમની પાસે ૧૭,૨૦૦ રૂપિયા રોકડા છે. આ સિવાય બેંક FD તરીકે ૪૫,૦૪,૪૭૯ રૂપિયાની માહિતી આપવામાં આવી હતી.ચૂંટણી પંચના મતે લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચનો અવકાશ અલગ-અલગ છે. લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર ૯૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકે છે. આ રકમ ૨૦૨૨માં વધારવામાં આવી હતી. પહેલા તે ૭૦ લાખ રૂપિયા હતી. તે જ સમયે, રાજ્યની વિધાનસભા ચૂંટણી માટે ખર્ચની મર્યાદા ૨૮ લાખ રૂપિયાથી વધારીને ૪૦ લાખ રૂપિયા કરવામાં આવી હતી.

ભારત અને બાંગ્લાદેશના બે પાસપોર્ટ સાથે પકડાયો

# ગેરકાયદે ભારતમાં ઘુસી પાસપોર્ટ બનાવી રહેતો બાંગ્લાદેશી ઝડપાયો

## તપાસમાં આરોપી ૨૦૦૧ થી ભારતમાં ગેરકાયદે રહેતો હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી હતી

અમદાવાદ, તા.૨૮

આ કેસની વિગત મુજબ પોલીસને માહિતી મલી હતી કે મોહંમદ લાબુ સરદાર નામનો શખ્સ ચંડોળા તળાવના છાપરા ખાતે ગેરકાયદે રહે છે અને બાંગ્લાદેશી પાસપોર્ટ ધરાવે છે. તે સિવાય તેણે ખોટા દસ્તાવેજોને આધારે ભારતીય પાસપોર્ટ મેળવેલો છે. ઉપરાંત તે ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોને અહીં લાવે છે.જેને આધારે પોલીસે પાસપોર્ટ ઓફિસ, બેંક્રો તથા સીમકાર્ડ કંપનીઓમાંથી આ અંગેની માહિતી મેળવી હતી. જેમાં પાસપોર્ટ ઓફિસમાંથી ભારતીય પાસપોર્ટની નકલ, ચૂંટણી કાર્ડ, જન્મતારીખના દાખલાની નકલ તેમજ બેંક્રોના એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને સીમકાર્ડ કંપનીમાંથી આધારકાર્ડની ઝેરોક્ષ મેળવી હતી. જેની ખરાઈ કકર્યા બાદ આરોપીની શોધ હાથ ધરી હતી.તપાસને અંતે ક્રાઈમ બ્રાંચે આ કેસમાં મુળ બાંગ્લાદેશના નોડાઈલ જીલ્લાના પાચુડીયાના રહેવાસી તથા અમદાવાદમાં ચંડોળા તળાવના છાપરા આયશા બીબીની ચાલી સામે રહેતા મોહંમદ લાભુ મોહંમદખલીલ સરદાર (૪૨)ની ધરપકડ કરી હતી. વધુ તપાસમાં આરોપી ૨૦૦૧થી ભારતમાં ગેરકાયદે રહેતો હોવાનું બહાર આવ્યું હતું. અંદાજે ૧૨ વર્ષ અગાઉ કુબેરનગરના સંતોષીનગર ખાતે રહેતા રમેશભાઈ નામના શખ્સ મારફતે સરદારનગરના સરનામા વાળુ ચૂંટણી કાર્ડ બનાવડાવ્યું હતું. જેને આધારે તેણે આધાર કાર્ડ બનાવડાવ્યું હતું. ૨૦૧૫ માં ગુલબાઈ ટેકરા પાસપોર્ટ ઓફિસમાં અરજી કરીને પાસપોર્ટ મેળવ્યો હતો. ત્યારબાદ તેણે પોતાના ઓળખીતા રોબીયલભાઈ મલેશિયા ખાતે રહેતા હોવાથી તેમને કામ માટે મલેશિયા જવું છે એમ જણાવ્યું હતું.

બાદમાં તેના સાળા રફીકઉલ્લા મારફતે એજન્ય હોમાયતજે કોલકાતામાં રહે છે તેને અમદાવાદ મોકલ્યો હતો.બાદમાં તેણે તેને પોતાના ભારતના અસલી ડોક્યુમેન્ટ્સ (આધાર કાર્ડ, પાસપોર્ટ, ચૂંટણી કાર્ડ) તથા રોકડા રૂ. ૩૦,૦૦૦ આપ્યા હતા. જોકે બાદમાં તેના મલેશિયાના વિઝા આવ્યા ન હતા. આ અંગે તેણે એજન્ટને પુછતા તેણે કહ્યું કે જે એજન્ટને કામ સોંપ્યું હતું તેનું અકસ્માતમાં મોત થયું છે. જેને કારમે દસ્તાવેજો કે નાણાં પરત આવ્યા નથી. તેનો ભારત દેશનો અસલ પાસપોર્ટ, આધાર કાર્ડ અને ચૂંટમી કાર્ડ કોલકાતાના એજન્ટ પાસે છે. તેમજ પોતાનો બાંગ્લાદેશનો અસલ પાસપોર્ટ, આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ કોલકાતાના જ એજન્ટ પાસે છે. તેમજ પોતાનો બાંગ્લાદેશનો અસલ પાસપોર્ટ બાંગ્લાદેશ ખાતે તેના વતનમાં મુકી રાખ્યો હોવાનું જણાવ્યું હતું. તેના ઘરમાંથી બે પાસપોર્ટ તથા આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ વગેરે કબજે કરવામાં આવ્યા હતા. ૨૦૦૧થી ભારતમાં ગેરકાયદે રહેતો મોહંમદલાભુ સરદાર અમદાવાદમાં લોબાન અને ધુપ લઈને ભીખ માંગવાનું કામ કરતો હતો. ચંડોળામાં તેણે મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. જેનાથી તેને ત્રણ બાળકો છે. એક બાળક બાંગ્લાદેશ તથા બે બાળક પોતાની સાથે રહે છે. તે ગેરકાયદે પોતાના વતન બાંગ્લાદેશમાં અવરજવર પણ કરતો હતો. તે બાંગ્લાદેશના નાગરિકોને ગેરકાયદે ભારતમાં ઘુસાડી અમદાવાદમાં લાવી તેમના રહેવા અને કામધંધાની વ્યવસ્થામાં મદદ કરતો હતો.

જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના

# માઈગ્રન્ટ મતદારોને ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે સુવિધા

નવી દિલ્હી, તા.૨૮

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં કોઈપણ મતદાર મતદાનથી વંચિત રહી જાય નહીં તે સુનિશ્ચિત કરવાના હેતુથી ભારતના ચૂંટણી પંચ દ્વારા જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના સ્થળાંતરિત મતદારોને ટપાલ મતપત્ર અથવા દિલ્હી, ઉધમપુર અને જમ્મુ ખાતે સ્થાપિત વિશિષ્ટ મતદાન મથક ખાતે રૂબરૂ મતદાન કરી શકશે.આ મતદારોમાં માત્ર એવા મતદારોનો સમાવેશ થશે કે જે ભારતમાં અન્ય કોઈપણ જગ્યાએ વસવાટ કરતા હોય અને તેમને જમ્મુ-કશ્મીરના રિલીફ અને રિહેબિલિટેશનકમિશનર દ્વારા સ્થળાંતરિત હોવા બાબતે પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવ્યું હોય.આ માટે જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના લાયકાત ધરાવતા સ્થળાંતરિત મતદારો કે જે બારામુલ્લા, શ્રીનગર, અનંતનાગ અને રજૌરી લોકસભા મતવિસ્તારના મતદારોએ અને ECI અથવા VSP વેબસાઈટ ઉપરથી ફોર્મ-M અથવા 12-C ડાઉનલોડ કરી તે ફોર્મમાં જરૂરી વિગતો ભરી હાલના રહેઠાણના પુરાવા તથા માઈગ્રન્ટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અથવા રીલીફ અને રિહેબિલિટેશન કમિશનર, જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા જારી કરવામાં આવ્યા હોય એવા અન્ય દસ્તાવેજો સાથે તેમના નજીકના મતદાર નોંધણી અધિકારીની કચેરીમાં રજૂ કરવાના રહેશે.અરજદારની અરજીના આધારે સંબંધિત મતદાર નોંધણી અધિકારી ERO net ઉપર તેમનું રજીસ્ટ્રેશન કરશે. અરજદારે ફોર્મ-M રજૂ કર્યું હશે તો તે દિલ્હી, ઉધમપુર અને જમ્મુ ખાતે સ્થાપિત કરવામાં આવેલ વિશિષ્ટ મતદાન મથક પર જઈ મતદાન કરી શકશે. જો અરજદારે ફોર્મ- 12-C માંઅરજી કરી હશે તો તેમને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા મળી શકશે.

જાફરાબાદનાં લુણસાપુર નજીક આવેલ

# તળાવમાંથી સિન્ટેક્સ કંપનીનાં ૨૪ વર્ષિય કર્મચારીનો મૃતદેહ મળી આવ્યો

## યુવકનું મોત શંકાસ્પદ જણાતા તપાસ શરૂ

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદનાં લુણસાપુર નજીક આવેલ સિન્ટેકસ કંપનીનાં ૨૪ વર્ષિય કર્મચારી રવિરાજભાઈ ધાખડા રે. લુણસાપુરનો મૃતદેહ મળી આવ્યો છે.

તળાવમાં મૃતદેહ તરતો હોવાનું જણાતાં ગામજનો એકત્ર થયા હતા અને સ્થાનિક તંત્ર પણ પહોંચ્યું હતું. યુવકનું મોત પ્રાથમિકદ્રષ્ટિએ શંકાસ્પદ જણાતા મૃતદેહને એફએસએલ માટે ભાવનગર ખસેડાયેલ છે.

૨૦થી વધુ જગ્યા ઉપર ઇન્કટેક્સ વિભાગે કાર્યવાહી કરી

# અમદાવાદમાં આયકર વિભાગ ના દરોડા બીજા દિવસે પણ યથાવત

## ઇન્કટેક્સ વિભાગે ૨૦થી વધુ બેન્કએકાઉન્ટ સીઝ કર્યા

અમદાવાદ, તા.૨૮

અમદાવાદમાં આયકર વિભાગ ના દરોડા બીજા દિવસે પણ યથાવત છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલ પર તપાસ ચાલી રહી છે. ૨૦થી વધુ જગ્યા ઉપર ઈક્રમટેક્સ વિભાગે કાર્યવાહી કરી છે. જેમાં ૭૫થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. દરોડામાં કરોડો રૂપિયાના બિન હિસાબી વ્યવહારો પકડાયા છે. ગોપાલ ડેરીના બિન હિસાબી વ્યવહારો તપાસવા ટેકનીશિયનો અને નિષ્ણાંતોની મદદ લેવાઈ છે. આ સાથે જ ઈન્કમટેક્સ વિભાગે ૨૦થી વધુ બેન્ક એકાઉન્ટ સીઝ કર્યા છે.

અમદાવાદમાં સતત બીજા દિવસે IT વિભાગનું સર્ચ ચાલી રહ્યુ છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલમાં તપાસમાં કરોડોના બિનહિસાબી વ્યવહાર મળ્યા હોવાનું બહાર આવી રહ્યુ છે. IT વિભાગના ૭૫થી વધુ અધિકારીની ટીમ દ્વારા ૨૦થી વધુ સ્થળે સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે. પ્રાથમિક માહિતી મુજબ તપાસમાં કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહાર મળી આવ્યા છે. ગોપાલ ડેરીના વ્યવહાર તપાસવા ટેક્નિશિયન, નિષ્ણાતોની મદદ લેવાઈ છે જ્યારે IT વિભાગે ૨૦થી વધુ બેંક એકાઉન્ટ સિઝ કર્યા છે. લોકસભા ચૂંટણી પહેલા જ ગુજરાતમાં આઈટી વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદમાં બિન હિસાબી વ્યવહારો પકડાયા છે. શહેરના હોટલ અને ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રૂપ પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. નોધનીય છે કે અગાઉ આવકવેરા વિભાગ દ્વારા બિલ્ડર લોબી અને જ્વેલર્સને ગ્રૂપ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. ગુજરાતમાં એક તરફ લોકસભા ૨૦૨૪ની ચૂંટણીનો માહોલ છે ત્યારે આવકવેરા વિભાગ શહેરમાં એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદ આવકવેરા વિભાગની ટીમ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલ પર દરોડા પાડવામાં આવ્યા છે. શહેરના આશ્રમ રોડ સહિતના વિસ્તારમાં આવેલા સ્થળોએ આવકવેરા વિભાગની ટીમ ત્રાટકીને કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ગ્રૂપના સંચાલક રાજુ ઉર્ફે નીશિત દેસાઈ, ગૌરાંગ દેસાઈ અને અન્ય ભાગીદારોની ઓફિસો, ઘરોમાં પણ આવકવેરા વિભાગની ટીમે દરોડા પડ્યા છે. શહેરમાં કુલ ૧૩ સ્થળો પર દરોડા અને સરવેની કામગીરી કરવામાં આવી રહી છે. ૨૦થી વધુ બેંક્ર એકાઉન્ટ સીઝ કર્યા છે. સતત બીજા દિવસે પણ સર્ચ ચાલી રહ્યુ છે.

એક નાટ્યગૃહ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

# સુરતના નાનપુરામાં રૂપિયા ૪૦૦ માટે મિત્રએ જ નિર્દયીપણે મિત્રની હત્યા કરી

## પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં સામે આવ્યું કે યુવાનને બેરહેમી રીતે મરાયો છે : યુવાનને માથામાં ઈજા થવાથી મોત થયું

સુરત, તા.૨૮

સુરતના નાનપુરામાં માત્ર ૪૦૦ રૂપિયા માટે એક મિત્રએ જ મિત્રની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. ૪૦૦ રૂપિયા માટે કરવામાં આવેલ હત્યા સીસીટીવીમાં કેદ થઈ છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની અટકાયત કરી છે. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ ગઈ કાલે ૧૨ માર્ચના રોજ નાનપુરાના મક્કાઈપુલ વિસ્તારમાં આવેલ એક નાટ્યગૃહ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો. યુવાન લોહીલુહાણ હાલતમાં જોવા મળતા તેની હત્યા થઈ હોવાની આશંકા હતી. યુવાનનો મૃતદેહ મળતા પોલીસ ઘટના સ્થળ પર પંહોચી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી. અઠવાલાઈન્સ પોલીસે યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં સામે આવ્યું કે યુવાનને બેરહેમી રીતે માર મારવામાં આવ્યો છે. યુવાનને માથામાં ઈજા થવાથી તેનું મોત થયું છે. હત્યાની થિયરી પર પોલીસે કામગીરી કરતાં તપાસ હાથ ધરી. પોલીસે યુવાનની હત્યા થઈ હતી તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતા મોટો ઘટસ્ફોટ થયો. સીસીટીવી ફૂટેજમાં પોલીસે જોયું કે ૧૧ માર્ચની સાંજે ૬.૩૬ કલાકે મૃતક યુવક ફૂટપાથ પર બેઠો હોય છે ત્યારે અન્ય એક યુવાન આવી તેની સાથે ઝઘડો કરવા લાગે છે. યુવાન સાથે આ વ્યક્તિ પહેલા માથાકૂટ કરે છે અને પછી તેને ગડદાપાટુનો માર મારે છે. અને આ જ સીસીટીવીમાં ફૂટેજના આધારે પોલીસે યુવાનની હત્યાના આરોપમાં તેના મિત્રને અટકાયતમાં લીધો છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ મિત્રની હત્યા કરી હોવાની કબૂલાત કરી. આરોપીએ કહ્યું કે બંને ઓડિશાના રહેવાસી છે. આરોપીનું નામ રામકિશોર છે જેણે ૪૦૦ રૂપિયાની લેતીદેતી મામલે પોતાના જ મિત્ર ભુરીયાની હત્યા કરી. પોલીસે ફૂટપાથ પર રહેતા લોકોના નિવેદનનો અને સીસીટીવી ફૂટેજના આધારે રામકિશોર પ્રધાનની તેના મિત્રની હત્યા કરવા મામલે અટકાયતમાં લેતા હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી.

આચાર સંહિતાના પાલન માટેનું આયોજન કરાયું

# અમદાવાદ કલેક્ટર ઓફિસ ખાતે શરૂ કરાયો કંટ્રોલ રૂમ

## આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલા civigil પોર્ટ પર ૧૩ દિવસમાં પર જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળી

અમદાવાદ, તા.૨૮

મતદાર કાર્ડ માટે શરૂ કરાયેલા ૧૯૫૦ હેલ્પ લાઈન પર ૧૩ દિવસમાં ૧૫૦૦થી વધુ કોલ નોંધાયા છે, સાથે જ આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલા civigil પોર્ટ પર ૧૩ દિવસમાં ૫૨ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળીલોકસભા ૨૦૨૪ની ચૂંટણીની જાહેરાત થતાની સાથે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ચૂકી છે. જે આચાર સંહિતાનું પાલન થાય તે માટે અમદાવાદ કલેકટર ઓફિસ ખાતે કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. કે જ્યાં cvigil પોર્ટલ મારફતે ઓનલાઈન ફરિયાદોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.સાથો સાથ મતદારો માટે ચૂંટણી કાર્ડમાં સુધારો કરવો કે મતદાન યાદીમાં નામ છે કે નહીં તે જાણવા માટેની હેલ્પલાઈન પણ શરૂ કરાયો છે. મતદાર કાર્ડ માટે શરૂ કરાયેલા ૧૯૫૦ હેલ્પ લાઈન પર ૧૩ દિવસમાં ૧૫૦૦થી વધુ કોલ નોંધાયા છે. સાથે જ આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલ civigil પોર્ટલ પર ૧૩ દિવસમાં ૫૨ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળી છે. સાબરમતી, મણિનગર અને અસારવાથી ઓનલાઈન પોર્ટલ પર ૩ ફરિયાદ મળી છે. જે ફરિયાદમાં ફલાઈંગ સ્કવોર્ડ મોકલીને ત્વરિત કાર્યવાહી પણ કરાઈ છે. જેમાં સૌથી વધારે પોસ્ટર અને બેનરોની ફરિયાદ મળી છે. જે જે જગ્યાએથી ફરિયાદ મળી છે ત્યાં ચૂંટણી વિભાગની ટીમે કામગીરી હાથ ધરી છે.

## ૨૩ જાન્યુઆરીનાં રોજ વાજતે-ગાજતે શરૂઆત થયા બાદ

# અમરેલીમાં ભાજપનું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય સંકેલાયું

**૨૭ માર્ચનાં રોજ સમી સાંજે અચાનક મધ્યસ્થ કાર્યાલયમાં રહેલ મંડપ, પરદાને દૂર કરવામાં આવ્યા**

**ભાજપની આંતરિક જુથબંધીનો ભોગ મધ્યસ્થ કાર્યાલય બન્યું હોવાની ચર્ચા શરૂ**

**જો કે ભાજપ તરફથી કાર્યાલયમાં નવી સુવિધા ઉભી કરવા માટેની તૈયારી હોવાનું જણાવાયું**

**લોકસભાનાં ઉમેદવાર જાહેર થયા બાદ ભાજપનાં અનેક આગેવાનો નારાજ બન્યા**



અમરેલી, તા. ૨૮

અરેલી લોકસભા બેઠકનાં ઉમેદવારનું નામ ૪ દિવસ પહેલા જાહેર થયા બાદ ભાજપમાં સાપ સુંઘી ગયો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે અને ભાજપનાં કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ ગાયબ થયો હોય તેવા જ સમયે બે મહિના પહેલા અમરેલીમાં શરૂ થયેલ ભાજપનાં મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો સંકેલો થતાં નવી ચર્ચાએ ગરમી પકડી છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી ખાતે જિલ્લાનાં ટોચનાં આગેવાનોની ઉપસ્થિતિમાં ૨૩ જાન્યુઆરીનાં રોજ લોકસભા ચૂંટણીનાં મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યા બાદ છેલ્લા ૨ મહિનાથી કાર્યાલય ઉપર કાર્યકરોની અવરજવર નહીવત હતી.

દરમિયાનમાં ગઈકાલે સાંજનાં અચાનક રીતે કાર્યાલયમાં લાગેલ મંડપ, બેનરો, પડદા દૂર કરવામાં આવતાં શહેરમાં નવી ચર્ચા શરૂ થઈ છે કે ભાજપનાં ઉમેદવારનાં નામની જાહેરાત થયા બાદ ભાજપનાં અમુક આગેવાનોમાં ઉભી થયેલ નારાજગીનો ભોગ ચૂંટણી કાર્યાલય બન્યું છે.

જો કે ભાજપ કાર્યાલય તરફથી જણાવાયું છે કે, કાર્યાલયમાં નવી સુવિધા ઉભી કરવાની હોવાથી જુના પડદા, મંડપ દૂર કરવામાં આવ્યા છે. જો કે હકીકત એ છે કે ભાજપનાં ઉમેદવારના નામની જાહેરાત થયા બાદ જિલ્લાનાં ભાજપી આગેવાનો અને કાર્યકરોમાં સન્નાટો છવાયો હોય જુથબંધી હોવાનું સ્પષ્ટ સાબિત થતું જાય છે.

## ઈશ્વરીયા હેડવર્કસથી ગાવડકા હેડવર્કસ સુધીની લાઈનમાં રીપેરીંગ થવાનું હોય

# અમરેલીનાં ૭, ધારીનાં ૮૯ અને વિસાવદરનાં ૧૫ ગામોમાં ૩૦ માર્ચથી ૮ એપ્રિલ સુધી પાણી વિતરણ બંધ

**ગામ પંચાયત અને પાલિકાએ પાણીની વ્યવસ્થા સ્થાનિક ધોરણે કરવી પડશે**

અમરેલી, તા. ૨૮

અમરેલીનાં ઈશ્વરીયા હેડકવાર્ટરથી ગાવડકા હેડ વર્કસ સુધીની પાઈપલાઈનનું રીપેરીંગ કાર્ય થવાનું હોવાથી આગામી ૩૦ માર્ચથી ૮ એપ્રિલ સુધી અમરેલીનાં ૭, ધારીનાં ૮૭ અને વિસાવદરનાં ૧૫ ગામોને પીવાનું પાણી વિતરણ બંધ થશે. જેને લઈને સ્થાનિક ગામ પંચાયત અને પાલિકાએ વૈકલ્પિક વ્યવસ્થા કરવા પાણી પુરવઠા વિભાગ દ્વારા જણાવવામાં આવેલ છે.

## ટ્રાફિક વિભાગની આળશનાં કારણે

# બગસરામાં શાકમાર્કેટ નજીક ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતા જનતામાં રોષ

**લોક દરબારમાં અવાર નવાર રજુઆત છતાંય પરિણામ શુન્ય**

બગસરા, તા. ૨૮

બગસરામાં શાક માર્કેટમાં નીકળવું હોય તો ચાલીને પણ ન નીકળ ાય તેવી પરિસ્થિતિ આડેધડ વાહન પરથી શાક માર્કેટનો રોડ વાહનોના પાર્કિંગ થી રોડ પર ચાલુ મુશ્કેલ બન્યું છે આવા ભર ઉનાળા તાપમાં લોકો બર્જુગો, બાળકો, મહિલાઓને ખરીદી

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : સમીર વિરાણી-બગસરા


SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર



SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૫૭



NCT
નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ તથા શેડુભાર સેવા મંડળના સહકારથી આયોજીત
:: ફ્રી આયુર્વેદિક નિદાન કેમ્પ ::
તારીખ : ૨૯/03/૨૦૨૪, શુક્રવાર
સમય : સવારનાં ૦૯ : ૦૦ થી ૧ :૦૦
સ્થળ : શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા
શેડુભાર, મોટા માચિયાળા, ખીજડીયા, હરીપરા, સુરજપુરા તથા આજુબાજુના વિસ્તારનાં દર્દીઓના હિતાર્થે નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું) દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ફ્રીમાં આયુર્વેદિક દવા આપવામાં આવશે. આયુર્વેદના M.S./M.D.ડોકટરો દ્વારા તપાસ તથા સારવાર કરવામાં આવશે.
આ કેમ્પમાં ઉપલબ્ધ સારવાર..
- ડાયાબીટીસ, પેટનાં રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, ઝાડા, ચામડીના રોગોની તપાસ તથા સારવાર ઉપલબ્ધ.
- જુની શરદી, શ્વાસ, એલર્જી, નાકનાં મસાની તકલીફ, મોઢામાં ચાંદા પડવા, ગળાની તકલીફ વગેરેની તપાસ તથા સારવાર.
- કમરનો દુઃખાવો, ગાદીનો પસારો, સાંધાનો દુઃખાવો, વાની તકલીફ, પક્ષાઘાત (પેરાલીસીસ), માંસપેશીઓનો દુઃખાવો વગેરેની તપાસ તથા સારવાર....
- હરસ-મસા - ભંગદર - ફિશર આદિ મળમાર્ગનાં રોગોની તપાસ તથા સારવાર...
- સ્ત્રીઓમાં જોવા મળતી માસિકધર્મની સમસ્યા, અનિયમિત માસિક આવવા, PCOD,નળીબંધ હોવી, સફેદ પાણીની તકલીફ, નિસંતાનપણું હોવું તથા સગર્ભા અવસ્થા તકલીફની તપાસ તથા સારવાર..
- બાળકોમાં જોવા મળતા રોગો જેવા કે, બાળકોનો વજન ન વધવો, દાત આવતી વખતે થતી તકલીફો, બાળક નબળું હોવું વગેરેની તપાસ તથા સારવાર..
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત
નેત્ર ચિકિત્સા આયુર્વેદિક હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧(ગુજરાત) ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬,૨૨૦૬૨૦



આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના



વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમની મુદ્દત તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)